RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક
E mail - prdpraval@yahoo.co.uk
*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)
*Volume : 6 * Issue No. 245* Date: 02.07.2020 * Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### વધુ ૧૮,૬૫૩ પોઝિટિવ કેસ સાથે કુલ આંકડો ૫,૮૫,૪૯૩એ પહોંચ્યો

# કોરોના વધુ ઘાતક બન્યો: ૨૪ કલાકમાં રેકોર્ડબ્રેક ૫૦૭ના મોત

### જૂન મહિનામાં દેશમાં ૪ લાખથી વધારે કોરોના કેસ નોંધાયા, ૧૨,૦૦૦ લોકોએ જીવ ગુમાવ્યો,અત્યાર સુધી ૮૮ લાખ ૨૬ હજાર ૫૮૫ સેમ્પલની તપાસ કરાઈ

*ન્યુ દિલ્હી,તા.૧*

અનલોક-૧ના છેલ્લાં દિવસે ગઈકાલે ૩૦ જૂનના રોજ કોરોનાના ૧૮ હજાર કરતાં વધુ કેસો નોંધાયા હતા. અને વધુ ૫૦૭ લોકોના મોત થયા હતા. જે સૌથી વધારે છે. ૧, જૂનથી અનલોક-૧માં લોકડાઉનમાં પહેલીવાર છૂટછાટો અપાતાં કેસોમાં સતત વધારો નોંધાયો હતો. અને જૂનમાં જ કેસોની સંખ્યા ૫ લાખ પર પહોંચી હતી. જે હવે ૬ લાખની નજીક પહોંચવામાં છે. ૧ જુલાઈથી અનલોક-૨માં વધુ છૂટછાટો અપાતાં લોકો મોટી સંખ્યામાં ઘરની બહાર નિકળશે કે રહેશે તો સંક્રમણ વધવાની શક્યતા રહેલી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ ગઈકાલે અનલોક-૧ના છેલ્લાં દિવસે કરેલા સંબોધનમાં લોકોની બેદરકારી પ્રત્યે ભારે ચિંતા વ્યક્ત કરી હતી અને હવે જ્યારે વધારે તકેદારી રાખવાની છે ત્યારે લોકો લાપરવાહ બની રહ્યાં હોવાની નોંધ ખુદ વડાપ્રધાનને પણ પોતાના રાષ્ટ્રજોગ સંબોધનમાં લેવી પડી હતી. અને કોરોનાથી બચવાના નિયમોનું કડક પાલન કરવાવવા તમામ સત્તાવાળાઓને તાકીદ કરી હતી. તો બીજી તરફ જ્યાં સૌથી વધુ સંક્રમણના કેસો છે તે મુંબઈમાં આ વર્ષે ગણેશચતુર્થીએ પ્રખ્યાત લાલબાગચા રાજા ગણેશજીની સ્થાપના અને મહોત્સવ નહીં યોજવાનો નિર્ણય લોવામાં આવ્યો છે. દેશમાં સતત બીજા દિવસે જો કે કોરોનાના કેસમાં ઘટાડો થયો છે અને રિકવરી રેટ વધીને ૫૯.૦૬ ટકા થયો છે. પોઝિટિવિટી રેટ ૮.૮૦ ટકા થયો છે.

આજે જાહેર કરાયેલા આંકડા દર્શાવે છે કે, દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા વધીને ૫ લાખ ૮૫ હજાર ૭૯૨ થઈ ગઈ છે. covid19india.org વેબસાઈટ પ્રમાણે, ગઈકાલે મંગળવારે સમગ્ર દેશમાંથી ૧૮ હજાર ૨૫૬ કેસ સામે આવ્યા હતા. તો તેની સામે ૧૨ હજાર ૬૫૬ દર્દીઓ સાજા પણ થયા હતા. આ દરમિયાન ૫૦૬ લોકોના મોત થયા હતા. તો આ તરફ મુંબઈમાં કોરોના સંક્રમણના કારણે પરિસ્થિતિ બગડતી જઈ રહી છે. જેને ધ્યાનમાં રાખીને આ વખતે ઘણા ગણેશ મંડળે



ગણેશ ઉત્સવની ઉજવણી ન કરવાનો નિર્ણય કર્યો છે. લાલબાગના રાજા ગણેશોત્સવ મંડળે નક્કી કર્યું છે કે આ વખતે ગણેશ ઉત્સવની ઉજવણી નહીં કરે. પંડાલમાં ૧૧ દિવસ બ્લડ અને પ્લાઝ્મા ડોનેશન કેમ્પ લગાડવામાં આવશે. આ વર્ષે ગણેશ ઉત્સવ ૨૨ ઓગસ્ટે શરૂ થશે. મુંબઈની જેમ ગુજરાત અને અન્યત્ર પણ આ વખતે કોરોનાને લીધે સાર્વજનિક ગણેશ ઉત્સવ નહીં યોજવાનો મત વ્યક્ત થઈ રહ્યો છે.

દરમ્યાન, ઈન્ડિયન કાઉન્સિલ મેડિકલ રિસર્ચ(આઈસીએમઆર) સંસ્થાએ આજે બુધવારે જણાવ્યું કે, ૩૦ જૂને દેશમાં વધુ ૨ લાખ ૧૭ હજાર ૯૩૧ ટેસ્ટ કરાયા હતા. આ સાથે અત્યાર સુધીમાં કુલ ૮૮ લાખ ૨૬ હજાર ૫૮૫ સેમ્પલની તપાસ કરવામાં આવી છે.

દેશમાં કોરોના વાયરસની મહામારીથી સૌથી વધારે અસરગ્રસ્ત શહેરમાં મુંબઈ મોખરે છે. જેના કારણે મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ તમામ ગણેશ મંડળોને આદેશ આપ્યો હતો કે આ વર્ષે ગણપતિ ઉત્સવ પરંપરાગત રીતે ઉજવવામાં ન આવે. આ સાથે જ તેમણે કહ્યું હતું કે ગણપતિની મૂર્તિની ઉંચાઈ ચાર ફૂટથી વધારે ન હોવી જોઈએ.

ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંતે જણાવ્યું કે,એક ભાજપ ધારાસભ્યનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. તેમણે ઈજીં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તો બીજી બાજુ રાતે લગભગ ૧૧.૩૦ વાગ્યે આરોગ્ય સેતુ એપમાં ટેકનીકલ ખામી જોવા મળી હતી. એપ તરફથી ટ્વિટ કરીને માહિતી આપવામાં હતી જેમાં કહ્યું હતું કે, ઘણા યુઝર્સને લોગઈનમાં મુશ્કેલી આવી રહી છે. જો કે, રાતે ૧૨.૧૦ વાગ્યે એપ ફરી ચાલુ થઈ હતી.

બીજી તરફ, ટીવી સીરિયલ ઈશ્કબાજ ફેમ અભિનેત્રી અદિતી ગુપ્તામાં કોરોનાના લક્ષણ જોવા મળ્યા છે. અને તે પોતે હોમ ક્વોરોન્ટાઈન થઈ ગઈ હોવાના અહેવાલ છે. આ પહેલા કરણ જોહરના ઘરના સ્ટાફ અને બોની કપૂરના ઘરમાં કામ કરનારા સ્ટાફ કોરોના પોઝિટિવ મળ્યા હતા.

બિહારમાં મંગળવારે ૩૭૦ કેસ સામે આવ્યા હતા. આ સાથે જ સંક્રમિતોની સંખ્યા હવે વધીને ૯,૯૮૮ થઈ ગઈ છે. એક દિવસમાં ૫ લોકોના મોત પણ થયા છે. આ પહેલા સોમવારે સાંજે એક લગ્નમાં જોડાયેલા ૧૦૮ લોકોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. લગ્નમાં સામેલ ૩૭૫ લોકોનું સેમ્પલ લેવાયા હતા.

ઉત્તરપ્રદેશમાં મંગળવારે ૬૬૪ નવા દર્દી સામે આવ્યા અને ૨૫ લોકોના મોત થયા હતા. સૌથી વધુ ૧૨૫ સંક્રમિત ગાઝિયાબાદથી મળ્યા હતા. ગૌતમબુદ્ધનગર(નોઈડામાં)૯૬, લખનઉમાં ૨૯ અને કાનપુરમાં ૧૮ કોરોના પોઝિટિવ મળ્યા હતા. રાજ્યમાં અત્યાર સુધી ૨૩, ૪૯૨ લોકો સંક્રમણના સંકજામાં આવી ગયા છે

દરમિયાન અમેરિકાની બાયોટેક ફર્મ ઈનોવિયોએ દાવો કર્યો છે કે કોરોના વાયરસ વેક્સિનનાં પરીક્ષણ દરમિયાન ઉત્સાહજનક પરિણામ જોવા મળ્યા છે. ફર્મે દાવો કર્યો કે INO-4800 નામની વેક્સિન ૪૦ લોકો પર કરવામાં આવેલા ટ્રાયલ દરમિયાન ૯૪ ટકા સફળ રહી છે. ક્લિનિકલ ટ્રાયલ દરમિયાન અમેરિકામાં ૧૮થી ૫૦ વર્ષની ઉંમરનાં ૪૦ લોકોને રસીનાં ઈન્જેક્શન આપવામાં આવ્યા. હતાં.

### બે જવાન ગંભીર રીતે ઘાયલ,પોલીસે ત્રણ વર્ષના બાળકને બચાવ્યું

# સોપોરમાં CRPF પર આતંકવાદી હુમલો: એક જવાન શહિદ,એક નાગરિકનું મોત

સોપોર,તા.૧

જમ્મુ-કાશ્મીરના સોપોરમાં કેન્દ્રીય રિઝર્વ પોલીસ ફોર્મની ટીમ પર આતંકવાદી હુમલો કર્યો છે. આ હુમલામાં સીઆરપીએફ ૧૭૯ બટાલિયનના એક જવાન શહીદ થઈ ગયા છે જ્યારે બે જવાનને ગંભીર ઈજા પહોંચી છે. ગોળીબારમાં એક નાગરિક મોતને ભેટ્યા છે. પ્રાપ્ય જાણકારી પ્રામણે આતંકવાદીઓએ પૂર્વ તૈયારીઓ કરીને પેટ્રોલિંગ કરી રહેલી સીઆરપીએફની ટીમ પર હુમલો કર્યો હતો.

આ દરમિયાન એક એવી તસવીર સામે આવી છે જે સૌનાં હ્દયને સ્પર્શી ગઈ છે. એક જવાન આતંકવાદીઓની ગોળીથી બચાવવા માટે એક બાળકને હાથમાં લઈને તેને સુરક્ષિત સ્થાને લઈ જઈ રહ્યો છે. આ તસવીર અત્યારે ઘણી જ વાયરલ થઈ રહી છે.

મૃતક નાગરિક ૬૦ વર્ષનાં વૃદ્ધ હતા. જમીન પર તેમનો મૃતદેહ પડ્યો છે, કપડા લોહીથી લથબથ છે અને ત્યાં જ મૃતકનો ૩ વર્ષનો પૌત્ર પણ હાજર છે. આ માસૂમ પોતાના દાદાની લાશ પર એ રીતે બેઠો છે કે જાણે ક્યારેક તે દાદાનાં ખોળામાં રમતો હતો. પરંતુ તેના દાદાનું શરીર ગોળીઓથી વિંધાયેલું હતુ અને કપડા લોહીથી ભરેલા હતા. આવામાં ત્યાં રહેલા સેનાનાં જવાને બાળકને ખોળામાં ઉપાડ્યું અને આતંકવાદીઓ સાથે ચાલી રહેલી અથડામણવાળી જગ્યાએથી દૂર લઈ ગયા.

સોપોરના મોડલ ટાઉનમાં સીઆરપીએફની નાકા પાર્ટી પર બુધવારે સવારે આતંકવાદીઓ તરફથી ભીષણ ગોળીબાર શરૂ થઈ ગયો હતો. જેમાં ત્રણ જવાન અને બે નાગરિકોને ગંભીર ઈજા પહોંચી હતી. તેઓને તાત્કાલીક ધોરણે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન બે જવાન શહીદ થયા તેમજ બે નાહરિકોના મોત નિપજ્યા છે.

સમગ્ર વિસ્તારમાં નાકાબંધી કરીને જમ્મુ-કાશ્મીર પોલીસ, સીઆરપીએફ અને સેનાની તરફથી સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. આ સંયુક્ત સર્ચ ઓપરેશનમાં આતંકવાદીઓને શોધવામાં આવી રહ્યા છે. ઘાટીમાં જવાનોએ આતંકવાદીઓનો સફાયો કરવા માટે અભિયાન હાથ ધર્યું છે. આ અભિયાન અંતર્ગત જૂન મહિનામાં ૪૮ આતંકવાદીઓને ઠાર કરવામાં સફળતા મળી છે. જેના કારણે આતંકવાદીઓ ઉશ્કેરાયેલા છે.

### એક મહિનાના ટૂંકા ગાળામાં બીજી વખત બોઈલર ફાટવાની દુર્ઘટના ઘટી

# તમિલનાડુના નેવેલી પાવર પ્લાન્ટમાં બ્લાસ્ટ: ૬ લોકોનાં મોત

ચેન્નાઈ,તા.૧

તમિલનાડુનાં નેવેલીમાં નેવેલી લિગ્નાઈટ કૉર્પોરેશનમાં બૉયલર બ્લાસ્ટ થયો છે. એનએલસીની પાસે ફાયર બ્રિગેડ ટીમ છે જે સ્થિતિને કાબૂમાં કરવાનો પ્રયત્ન કરી રહી છે. આ સાથે જ સ્થિતિનો તાગ લેવા માટે કુડ્ડાલોર જિલ્લા વહિવટી તંત્રની એક ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. હજુ સુધી બ્લાસ્ટ થવાનું કારણ સામે આવ્યું નથી. શરૂઆતનાં રિપોર્ટ પ્રમાણે બૉયલર બ્લાસ્ટનાં કારણે ૫ લોકોનાં મોત અને ૧૭ લોકો ઘાયલ થયા હોવાના સમાચાર છે.



સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે કે મૃતકોની સંખ્યા વધી શકે છે. આવો જ બલાસ્ટ ૭ મેનાં થયો હતો જેમાં ૫ લોકોનાં મોત થયા હતા. ૭ મેનાં નેવેલી પાવર પ્લાન્ટમાં બૉયલર બ્લાસ્ટ થયો હતો. બ્લાસ્ટ ૮૪ મીટર ઊંચાઈવાળા બૉયલરમાં થયો હતો. તે સમયે કર્મચારી અને ટેક્નિશિયન ૩૨ મીટર પર હાજર હતા. બ્લાસ્ટ બાદ સીઆઈએસએફની ફાયર વિંગે આગ પર કાબૂ મેળવ્યો હતો. આ ઘટનામાં અનેક લોકો ઘાયલ થયા હતા અને ૫ લોકોનાં મોત થયા હતા.

આ અકસ્માત બાદ કંપનીએ કહ્યું હતુ કે એનએલસીએ ઘટનાની તપાસ માટે ૬ સભ્યોની કમિટિ બનાવી છે, જેની આગેવાની જનરલ મેનેજર કરી રહ્યા છે. કમિટી આખી ઘટનાની તપાસ સાથે જ ભવિષ્યમાં આ પ્રકારની ઘટનાઓને રોકવા માટે જરૂરી પગલા ઉઠાવશે. મેની ઘટનાનાં એક મહિના બાદ ફરીથી બૉયલર બ્લાસ્ટ થયો છે.

હજુ બ્લાસ્ટનું કારણ જાણી શકાયું નથી. આ વિસ્ફોટ કુડ્ડાડોરમાં નેયવેલી લિગ્નાઈટ કૉર્પોરેશનનાં એક બૉયલરમાં થયો છે. વિસ્ફોટ બાદ બચાવ અભિયાન ચાલી રહ્યું છે. સાથે જ કુડ્ડાલોર ફાયર બ્રિગેડ પણ બચાવ અભિયાન માટે ઘટનાસ્થળે છે. કુડ્ડાડોર ચેન્નાઈથી ૧૮૦ કિમી દૂર છે. ૭ યૂનિટમાં ૧,૪૭૦ મેગાવોટ વીજળીનું ઉત્પાદન થાય છે.૭ મે એ નેવેલી પાવર પ્લાન્ટરમાં બૉયલર બ્લાસ્ટ થયો હતો. ઘટના ૮૪ મીટર ઊંચાઈવાળા બૉયલરમાં થયો હતો. તે સમયે કર્મચારી અને ટેકનિશિયન ૩૨ મીટર પર હાજર હતા. બ્લાસ્ટ બાદ સીઆઈએસએફની ફાયર વિંગે આગ પર કાબૂ મેળવવામાં આવ્યો છે. આ ઘટનામાં કેટલાક લોકો ઈજાગ્રસ્ત થઈ ગયા હતા. જેમાં ૫ લોકોના મોત થઈ ગયા હતા.

# સોનામાં આગ ઝરતી તેજી: રેકોર્ડબ્રેક ૫૦૬૭૫ની સપાટીએ

*મુંબઈ,તા.૧*

ગુજરાતમાં સોનું ફરીથી ઓલ ટાઈમ હાઈ થયું છે. આજે અમદાવાદમાં સોનાનો ભાવ ૫૦,૬૭૫.૦૦ રૂપિયા છે. ૨૦૨૦ના પ્રથમ અર્ધવાર્ષિક સમયગાળા દરમિયાન સોનામાં ૨૩.૭૫ ટકાનો ઊછાળો નોંધાયો છે. આ સમયમાં સોનાએ અકલ્પનીય એવી રૂા. ૫૦૦૦૦ની સપાટી પણ કૂદાવી છે. જૂનના અંતિમ દિવસે અમદાવાદ સોના-ચાંદી બજારમાં આજે પણ સોનું રૂા. ૫૦૨૦૦ની વિક્રમી સપાટીએ બંધ રહ્યું હતું.સોનાના ભાવ ફરી એકવાર ૫૦ હજારને પાર પહોંચ્યો છે. બે દિવસમાં સોનાના ભાવમાં ૮૦૦થી ૧૦૦૦ રૂપિયાનો વધારો થયો છે. હાલ રાજકોટની સોની બજાર ભયંકર મંદીના ભરડામાં આવી ગયું છે. હાલની સ્થિતિ જોતાં દિવાળી સુધી સોની બજારમાં રોનક નહીં જોવા મળે તેવું રાજકોટ ગોલ્ડ ડીલર એસોસિએશનનાં પ્રમુખે જણાવ્યું છે. તો સતત સોનાના ભાવ વધતાં ગ્રાહકો જૂનું સોનુ આપી નવા સોનાના દાગીનાની જ ખરીદી કરે છે તેવું સોની વેપારીએ જણાવ્યું હતું. એટલું જ નહીં, કોરોના અને લોકડાઉનને કારણે બંગાળી કારીગરો ૩૦ ટકા વતનમાં જતાં રહ્યા હોવાને કારણે પણ સોની બજારને મોટો ફટકો પડ્યો છે.

બજારના જાણકાર વર્તુળોએ જણાવ્યું હતું કે કરન્સી બાસ્કેટમાં ડોલરની મજબૂતાઈ તેમજ કોરોના મહામારી સહિતની અન્ય પ્રતિકૂળતાઓ પાછળ વૈશ્વિક સ્તરે ઉદભવેલ અનિશ્ચતતાભર્યા માહોલમાં લોકો સેફ ઈન્વેસ્ટમેન્ટ તરીકે સોના તરફ વળતા સોનાના ભાવમાં એકધારો વધારો જોવા મળ્યો છે. વૈશ્વિક બજારમાં સોનાના ભાવ ૧૭૪૦ ડોલરથી ૧૭૯૦ ડોલર વચ્ચે અથડાયા હતા.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા : ૬૭૫
રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૩૩૩૧૮
ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૨૧
રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૩૬૮
ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૪૦૩૮

# 'રૂપાણી સરકાર'નું અભી બોલા અભી ફોક: તમામ યુનિવર્સિટીની પરીક્ષાઓ મોકૂફ

ગાંધીનગર,તા.૧

ગુજરાતમાં તમામ યુનિવર્સિટીમાં અંતિમ વર્ષની પરીક્ષા લેવાનો નિર્ણય કેબિનેટ બેઠકમાં લેવાયો હતો. જેની જાણ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ કરી હતી. પણ સરકારનાં આ નિર્ણયની જાહેરાતનાં થોડા જ કલાકોમાં કેન્દ્ર સરકારે રાજ્ય સરકારને તમામ પરીક્ષાઓ મોકૂફ રાખવા માટે આદેશ કર્યો હતો. કેન્દ્રનાં શિક્ષણ સચિવે આદેશ કરતાં રાજ્ય સરકારે માત્ર ૨ કલાકમાં જ પોતાના નિર્ણય પર યુ ટર્ન લઈ લીધો હતો.આ મામલે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું કે, રાજયની તમામ યુનિવર્સિટીએઓમાં લેવાનાર તમામ પરીક્ષાઓ મોકૂફ રાખવામાં આવી છે. આવતીકાલથી શરૂ થતી GTUની પરીક્ષા પણ મોકૂફ કરી દેવામાં આવી છે. દેશમાં એકસૂત્રતા જળવાય તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. હવે આ તમામ પરીક્ષાઓ માટેની તારીખ પછીથી જાહેર કરવામાં આવશે તેવું પણ શિક્ષણમંત્રીએ જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, આજે મળેલી કેબિનેટની બેઠકમાં રાજ્યમાં તમામ યુનિવર્સિર્ટીમાં અંતિમ વર્ષની પરીક્ષા યોજવાનો નિર્ણય લેવાયો હતો. શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ પરીક્ષાની જાહેરાત કરવાની સાથે જ ઓનલાઈન અને ઓફલાઈન પરીક્ષા આપવા માટે વિકલ્પ આપ્યા હતા. અને બંને રીતે પરીક્ષા ન આપી શકે તો અલગથી યોજાનાર પરીક્ષામાં વિદ્યાર્થી બેસી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવશે તેવી વ્યવસ્થા ઊભી કરી હતી.

જ્યારે આવતી કાલથી GTUની છેલ્લા વર્ષની પરીક્ષાઓનો પ્રારંભ થવાનો હતો. ૩૫૦ જેટલાં સેન્ટર ખાતે પરીક્ષા લેવામાં આવનાર હતી. આ માટે પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવાની વાત હતી. પણ કેન્દ્ર સરકારનાં આદેશને કારણે ગુજરાત સરકારની જાહેરાત પર પાણી ફરી વળ્યું હતું. અને માત્ર ૨ કલાકની અંદર જ પોતાનો નિર્ણય પરત લેવા માટે મજબૂર બનવું પડ્યું હતું. તો શું ગુજરાત સરકારે કેન્દ્ર શિક્ષણ વિભાગને અંધારામાં રાખીને પરીક્ષાનું આયોજન કરી દીધું હતું.

## તંત્રી સ્થાનેથી...

# દગાબાજ ચીને ભારતને ચારેય તરફથી ભીસમા લીધું છે છતાં નેતાઓનુ મૌન શા માટે.....?

વિશ્વભરમા કોરોનાનો આક એક કરોડ ૨ લાખ ૫૦ હજારે પહોંચવા પર છે અને મૃતાક ૫૦૪૦૦૧ થી આગળ વધી રહ્યો છે. ભારતમાં કોરોના સંક્રમિતોનો આંક ૫. ૫૦ લાખને આંબવા પર છે અને મૃતાક ૧૬,૫૦૦ થી આગળ વધી રહ્યો છે... ત્યારે સમગ્ર વિશ્વને કોરોનાની ભેટ આપનાર ચીનને પણ કોરોના ભરખી જશે તેવી પરિસ્થિતી બની ગઈ છે....! કોરોનાને કારણે ચીનના ૪૦ ટકા જેટલા વૈશ્વિક પ્રોજેક્ટ અટવાઈ પડ્યા છે. વિશ્વના કેટલાક દેશોએ જીન પિગના મહત્વકાંક્ષી પ્રોજેક્ટ બેલ્ટ એન્ડ રોડ શરૂ કરવા નનૈયો ભણી દીધો છે તો અનેક દેશોએ તેનો માલ સામાન ઉપાડવાનુ બંધ કરી દેતા ચીનના અર્થતંત્રને પણ ભારે ફટકો પડવાની શરૂઆત થઈ ગઈ છે.....! છતાં દગાખોર ચીનન તેની વિસ્તારવાદી નીતિને આવા સમયેમાજ વધારવાના ખેલ શરૂ કરી કરી દીધા છે. અને તેનું કારણ છે વિશ્વની મહાસત્તાઓ સહિત મોટા ભાગના દેશો અત્યારના સમયમાં કોરોનાને નાથવામા ગૂંચવાયેલી છે. ત્યારે ચીને આ મહામારીનો ફાયદો ઉઠાવવા ભારતની સરહદોની ચારે તરફ લશ્કર ખડો કરી દીધું છે અને પેન્ગોગ સરોવરના કિનારા પાસે એરપોર્ટ, રોડ- રસ્તા બનાવી દીધા છે તો બંકરો પણ બનાવી દીધા છે.....! ગલવાનમાં ચીને જે ચોકી બનાવેલ તેને ભારતના લશ્કરે ઉખેડીને ફેંકી દીધી હતી ત્યાં તેને ફરી ચોકી બનાવવાની સાથે લશ્કરનો ખડકલો કરી દીધો છે. પાકિસ્તાન રસ્તે કાશ્મીર સરહદે પણ લશ્કર ખડકી દીધુ છે તો બાડમેર સામે આવેલ થરપારકરમાં કચ્છ થી ૨૦ કિલોમીટર દૂર એરપોર્ટ બનાવવાનું કામ યુદ્ધના ધોરણે ચાલુ કરી દીધું છે. ચીનના કહ્યાગરા નેપાળે પણ સરહદે સૈનિકોનો ખડકલો કરી દીધો છે. બાંગ્લાદેશ અને શ્રીલંકાને સમજાવવા ચીનના પ્રયત્નો ચાલુ છે... જોકે આ બંને દેશમાંથી કોઈ તૈયાર થાય તેમ નથી. ટૂંકમાં ભારતને ચારેબાજુથી ઘેરવા માટેની દુષ્ટ ચીને કોઈ મણા બાકી રાખી નથી. આ બાજુ ભારતે પણ એન્ટિક મિસાઈલ સહિતની એર ડિફેન્સ સિસ્ટમનુ વ્યુહ બધ્ધ આયોજન કરવા સાથે લશ્કરનો ખડકલો કાશિમર,ગલવાન,પેન્ગોગ સહિતના જરૂરી તમામ સરહદી વિસ્તારોમાં ગોઠવી દીધો છે. તો જાપાન સાથે નૌકાદળની કવાયત યોજીને ચીનને શાનમાં સમજાવવા કોશિશ કરી છે. ત્યારે મિત્ર દેશ અમેરિકાએ ચીનને દબાવવા એશિયામા મોટા પાયે લશ્કર ઉતારી દીધું છે. તો આસિયાન દેશો ચીનની દાદાગીરી થી નારાજ કે અને આશિયાન દેશોના ભારત સાથે ગાઢ સંબંધ છે. ત્યાં તેનો ગજ વાગતો નથી. તો હોગકોગ અને તાઈવાનને પણ સાણસામા લેવા તમામ પ્રયત્નો કરી રહ્યું છે પરંતુ તાઈવાન સાથે ની જૂની પછડાટને લઈને તે ચીનનો વિશ્વાસ કરતું નથી.....!

ભારતે ચીન પોતાની સરહદમાં ઘૂસ્યુ નથી કહીને વિશ્વભરમાં બદનામી વહોરી લીધી છે.....! વિશ્વના દેશો મોદીજી ઉપર મોટો વિશ્વાસ રાખે છે અને તેમણે સર્વપક્ષીય બેઠકમાં કહ્યું હતું કે ચીન ભારતની સરહદમાં પ્રવેશ્યું નથી.... ત્યારે બીજી તરફ વિશ્વના મીડિયામાં સેટેલાઈટ ઈમેજ બતાવવા સાથે ભારતીય સીમામાં ચીની લશ્કર ઘૂસી ગયાના અને લશ્કરી હાથાપાઈમા ભારતના ૨૦ જવાનોના મૃત્યુના સમાચાર પ્રસારીત થતા રહ્યા હતા. જે કારણે વિશ્વના અનેક દેશો કે ભારત પર આશા અને વિશ્વાસ રાખી રહ્યા છે. તે દેશોને મોટો આંચકો લાગ્યો હતો. તો ભારત ભરમા લોકોને પણ ભારે આઘાત લાગ્યો છે લોકો સવાલ કરે છે કે મોદીજી કે અમિત શાહ કે કેન્દ્રીય નેતાઓ સરહદે આવું બધું બનવા છતાં ચીન વિરૂધ્ધ બોલતા કેમ નથી....? જ્યારે કે વિશ્વ સ્તરે ભારતની સરહદે ચીને કરેલ લશ્કરી જમાવડો,આપણા ૨૦ જવાનોની હત્યા બાબતોને ગજાવવાની જરૂર હતી..... છતાં કેન્દ્રીય નેતાઓ કે વડાપ્રધાનશ્રી મૌન કેમ છે.....?ચીને કરેલ સરહદી દખલ અંગેની હકીકતો ન બોલવાનું કારણ શું......? એટલે ભારતભરમાં ચીન સામે આક્રોશ તો ફેલાયેલોજ છે... પરંતુ હવે કેન્દ્ર સરકાર સામે પણ આક્રોશ સાથે શંકા-કુશંકાઓ વ્યકત કરવા લાગ્યા છે......!! મોદીજીએ હવે સ્પષ્ટ રીતે સત્ય વિગતો આમ પ્રજા સામે જાહેર કરવી જરૂરી છે.... તો આ સમયમા પક્ષાપક્ષીનું રાજકારણ સાથે એકબીજા પક્ષો પર આક્ષેપબાજી પણ બંધ કરવી જોઈએ તેવું આમ પ્રજા ઈચ્છી રહી છે..... હવે સમગ્ર બાબત વડાપ્રધાનશ્રી હાથમાં છે..... ચીનને જવાબ આપવાની અને ભારતને પ્રજાનો વિશ્વાસ પૂનઃ સ્થાપિત કરવાની..... નિર્ણય તેઓશ્રીએ જ કરવાનો છે......!? વંદે માતરમ્

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૦૨/૦૭/૨૦૨૦, ગુરુવાર

સૂર્યોદય-૬-૦૮, સૂર્યાસ્ત-૭-૩૪, જૈન નવકારશી-૭-૫૫,

આજની રાશિ : વૃષભ (ન.ય.), નક્ષત્રઃ અનુરાધા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

**- શુભ ચોઘડીયા -**

૬-૦૮થી ૭-૪૭ સુધી, ૧૧-૧૦થી ચલ-લાભ-અમૃત-૧૬-૧૨ સુધી, ૧૬-૧૨ સુધી ૧૭-૫૩ થી શુભ-અમૃત-ચલ- ૨૨-૧૨ સુધી

**- શુભ હોરા-**

૬-૦૮થી ૭-૧૫ સુધી, ૯-૩૦થી ૧૨-૫૧ સુધી, ૧૩-૫૮થી ૧૫-૦૫ સુધી, ૧૭-૨૦થી ૨૦-૨૭ સુધી

### ગુજરાત મ્યુનિસિપલ એક્ટ ૧૯૬૩ ની કલમ ૩૭ મુજબ કમિશ્નરશ્રી મ્યુનિસિપાલિટી ગાંધીનગરની કોર્ટમાં ફરીયાદ

# પાલનપુર નગરપાલિકાના પ્રમુખ અશોકભાઈ ઠાકોર દ્વારા વિકાસ નકશામાં ગેરરીતિ કરવા બદલ કલમ ૩૭ હેઠળ સસ્પેન્ડ કરવાની રજૂઆત કરતા પાલિકા સદસ્ય અમૃત જોષી

પાલનપુર નગરપાલિકાના સદસ્ય અમૃતભાઈ જોષી દ્વારા પાલનપુર નગરપાલિકાના વિકાસ નકશાની ગેરરીતિ બાબતે કમિશનરશ્રી મ્યુનિસિપાલિટી ગાંધીનગરની કોર્ટમાં ગુજરાત મ્યુનિસિપલ એક્ટ ૧૯૬૩ ની કલમ ૩૭ મુજબ પાલિકા પ્રમુખ અશોકભાઈ ઠાકોર ને પ્રમુખ પદેથી તેમજ સભ્ય પદેથી દૂર કરવાની રજૂઆત કરતાં જણાવ્યું હતું કે અમો લોકશાહી પ્રક્રિયાથી પ્રજા મત થી ચૂંટાયેલા પ્રજાના પ્રતિનિધિ છીએ

પ્રમુખ અશોકભાઈ ઠાકોર દ્વારા દરેક સામાન્ય સભામાં એજન્ડા મુજબ ના કામોની કોઈ ચર્ચા વિચારણા કરવામાં આવતી નથી કાગળો બતાવવામાં આવતા નથી ઠરાવો વંચાણે લેવામાં આવતા નથી એકથી બે મિનિટમાં તમામ સામાન્ય સભાઓ ગેરકાયદેસર રીતે પૂર્ણ કરવામાં આવેલ છે પાછળથી ચેર તરફથી ખોટા ઠરાવો લખી મોટો ભ્રષ્ટાચાર આચરવામાં આવેલ છે

રજૂઆતના મુદ્દા નીચે મુજબ છે

(૧) ધારા કન્સલ્ટન્સી સાથે કરવામાં આવેલ કરારમાં પેમેન્ટ ચુકવણીની શરતોમાં તબક્કા પ્રમાણે પેમેન્ટની ચૂકવણી કરવા માટે શરતો રાખવામાં આવેલ હતી શરતોમાં અ.નં ૩ મુજબ પ્રવર નગર નિયોજક ના પરામર્શ માટે રજુ કરેથી ૨૫ ટકા ફી ની રકમ ધારા કન્સલ્ટન્સી ને ચૂકવવા પાત્ર થાય તે પ્રમાણે ધારા કન્સલ્ટન્સીએ તારીખ ૦૫/૦૪/૨૦૧૮ ના રોજ બિલ બનાવી નગરપાલિકામાં તારીખ ૨૨/૦૫/૨૦૧૮ ના રોજ રજુ કરેલ હતુ તેથી ત્રીજા તબક્કા પ્રમાણે એજન્સીએ વિકાસ નકશો બનાવીને નગરપાલિકાને તારીખ ૨૨/૦૫/૨૦૧૮ ના રોજ આપી દીધો હતો

(૨) પરંતુ ૬૪ દિવસ પછી તારીખ ૨૬/૦૭/૨૦૧૮ ના રોજ ટાઉન પ્લાનીંગ સમિતિ ની બેઠક બોલાવી તેમાં નકશો મુકવામાં આવેલ વારંવાર નકશાઓ ખોટા બનાવી મોટો ભ્રષ્ટાચાર આચરેલ છે

(૩) તારીખ ૨૨/૦૫/૨૦૧૮ પહેલા વિકાસ નકશો બની ગયો હોવા છતાં તારીખ ૨૫/૦૭/૨૦૧૮ ની સામાન્ય સભામાં નકશો મંજુર કરવો ન પડે તે માટે ટી.પી કમિટી ની મીટીંગ સામાન્ય સભા ૨૫/૦૭/૨૦૧૮ પછી તારીખ ૨૬/૦૭/૨૦૧૮ ના રોજ બીજા દિવસે બોલાવી ગેરકાયદેસર નિયમ વિરુદ્ધનું કૃત્ય કરેલ છે ફક્ત અને ફક્ત ભ્રષ્ટાચાર આચરવાના મલિન ઈરાદાથી કરોડો રૂપિયા પ્રજાજનો પાસેથી ઉઘરાવેલ છે

(૪) નગર નિયોજક પાલનપુર દ્વારા નગરપાલિકાને વારંવાર તારીખ ૦૨/૦૫/૨૦૧૮, ૦૪/૦૬/૨૦૧૮, ૨૦/૦૬/૨૦૧૮, ૨૮/૦૮/૨૦૧૮, ૦૭/૦૯/૨૦૧૮, ૧૭/૧૧/૨૦૧૮ તેમજ ૦૫/૧૨/૨૦૧૮ થી વિકાસ નકશો પરામર્શ માટે મોકલવા ૭ (સાત) પત્ર લખેલ છે

(૫) તારીખ ૦૯/૦૮/૨૦૧૮ ના રોજ પ્રમુખ અશોકભાઈ ઠાકોર દ્વારા એક નોંધ ઉપર હુકમ કરવામાં આવેલ કે હાલ વિકાસ નકશામાં મંજુર થયેલ વિકાસ નકશા ઉપરાંત ઓજી વિસ્તાર એટલે કે સને ૨૦૧૫ માં ભળેલા વધારાના વિસ્તારનો પણ સમાવેશ કરવાનો થાય છે. જેથી વિકાસ નકશા અંગે અત્રે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ યોજના અધિનિયમની કલમ-૨/૧૪ અંતર્ગત નકશા અંગે સામાન્ય સભામાં નિર્ણય ન થાય ત્યાં સુધી કોઈપણ આગળની કાર્યવાહી કરવી નહીં જે હુકમ કરવામાં આવે છે.આ હુકમ નગર નિયોજક ને વિકાસ નકશો પરામર્શ માટે રજુ કરવો ન પડે તે માટે ખોટો અને ગેરકાયદેસર હુકમ કરવામાં આવેલ છે ભ્રષ્ટાચાર આચરવાના મલિન ઈરાદાથી વારંવાર ખોટા ખોટા નકશાઓ બનાવી પ્રજાજનો પાસેથી કરોડો રૂપિયા ઉઘરાવવાનો સમય મળી રહે તે માટે ખોટો હુકમ કરવામાં આવેલ છે

(૬) તારીખ ૧૩/૦૮/૨૦૧૮ ના રોજ નગરપાલિકા દ્વારા ખાસ સામાન્ય સભા બોલાવવામાં આવેલ તેમાં પણ વિકાસ નકશો એજન્ડામાં લીધેલ નહી. નિયમ વિરુદ્ધનું કૃત્ય કરેલ છે

(૭) તારીખ ૨૯/૧૦/૨૦૧૮ ના રોજ નગરપાલિકા પ્રમુખ દ્વારા સામાન્ય સભા બોલાવવામાં આવેલ તેમાં પણ ટીપી કમિટીએ મંજુર કરેલ વિકાસ નકશો એજન્ડામાં લીધેલ નહીં અને નિયમ વિરુદ્ધનું કૃત્ય કરી મોટો ભ્રષ્ટાચાર આચરેલ છે

(૮) તારીખ ૩૦/૦૧/૨૦૧૯ ની સામાન્ય સભામાં કામ નંબર ૧૧ તારીખ ૨૬/૦૭/૨૦૧૮ ની ટી.પી કમિટીની બેઠકના ઠરાવ નંબર ૧૯ તથા ૨૦ ને બહાલી બાબત નું કામ લેવામાં આવેલ. આમ ૨૬/૦૭/૨૦૧૮ થી વિકાસ નકશો કમિટીએ મંજૂર કરલ હોવા છતાં ૧૮૮ દિવસ પછી સામાન્ય સભામાં ઠરાવ મુકવામાં આવેલ આ વચ્ચેના સમય દરમ્યાન પ્રજાજનોને ખોટા ખોટા નકશાઓ બતાવી રોજ રોજ નવા નવા નકશાઓ બનાવી ગ્રીન બેલ્ટ, ડી.પી.રોડ અને ઝોનીંગ નો ડર બતાવી મોટો ભ્રષ્ટાચાર આચરવામાં આવેલ છે. કામ નંબર ૧૧ ના ઠરાવ નંબર ૧૯ તેમજ ઠરાવ નંબર ૨૦ ની જનરલ બોર્ડની સભામાં કોઈપણ જાતની ચર્ચા કર્યા વગર વિકાસ નકશો તેમજ અન્ય સાધનિક કાગળો રજુ કર્યા વગર બતાવ્યા વગર મંજુર મંજૂર કરી ગેરકાયદેસર ખોટા ઠરાવો લખેલ છે. અમોએ આ સામાન્ય સભામાં વિકાસ નકશો તેમજ અન્ય સાધનિક કાગળો રજુ કરવાની બતાવવાની વંચાણે લેવાની રજૂઆત કરવા છતાં મંજુર મંજૂર કરીને ખોટો ઠરાવ લખેલ છે. આ ઠરાવમાં અમોએ વિરોધ દર્શાવ્યો હોવા છતાં ગેરકાયદેસર રીતે ઠરાવ લખી અમારો વિરોધ લખેલ નથી. સદસ્ય કૌશલભાઈ જોષી તેમજ અન્ય સદસ્યોએ પણ વિરોધ દર્શાવેલ હોવા છતાં તેમનો વિરોધ પણ લખવામાં આવેલ નથી અને ગેરકાયદેસર ઠરાવ લખેલ છે. કોઈપણ જાતની ચર્ચા કર્યા વગર એજન્ડા માં દર્શાવેલ કામોના કાગળો બતાવ્યા વગર એકથી સોળ કામો મંજુર મંજૂર કરી સભા બે મિનિટમાં ગેરકાયદેસર રીતે પૂર્ણ કરી પ્રમુખ અશોકભાઈ ઠાકોર દ્વારા સભાને પૂર્ણ કરવામાં આવેલ અને તમામ ઠરાવ ખોટા લખવામાં આવેલ. કામ નંબર ૧૧, ઠરાવ નંબર ૨૦૬ માં કોઈપણ જાતની ચર્ચા વિચારણા થયેલ ન હોવા છતાં બે મિનીટમાં ૧ થી ૧૬ મુદ્દા મંજુર મંજુર કરીને સભા પુર્ણ કરી દીધેલ હોવા છતાં વિકાસ નકશા બાબતે સુધારા વધારા કરવાની સતા પ્રમુખ તેમજ મુખ્ય અધિકારીને આપવાનું ઠરાવવામાં આવ્યુ. તેવો ખોટો ઠરાવ લખેલ છે અને છેતરપિંડી આચરવામાં આવેલ છે. આવી કોઈ સત્તા આપવામાં આવી નથી.

(૯) અમોએ તા.૩૧/૧/૧૯ ના રોજ પ્રમુખ તેમજ મુખ્ય અધિકારીશ્રીને ટી.પી.કમિટીના તા.૨૬/૦૭/૧૮ ના ઠરાવો તેમજ વિકાસ નકશો નવો તેમજ જુનો વિકાસ નકશો તેમજ નવીન વિકાસ નકશાની કાર્યવાહીના તમામ સાધનિક કાગળોની નકલો માંગવા તેમજ તા.૩૦/૦૧/૧૯ ની સામાન્ય સભામાં વિકાસ નકશો તેમજ એજન્ડામાં દર્શાવેલ કામોના કાગળો જોવા માંગેલ તે બતાવેલ નહિ તેમજ સામાન્ય સભામાં પણ કોઈપણ જાતની ચર્ચા કર્યા વગર કાગળો બતાવ્યા વગર ગેરકાયદેસર રીતે સભા પુર્ણ કરી દીધેલ છે. તેથી અમોએ વિકાસ નકશા તેમજ અન્ય કામના કાગળો માંગવા નકલો માંગવા , દિન -૧ માં આપવા રજુઆત કરેલ જે પત્રની નકલ સામેલ છે . કાગળો અમોને બે માસ પછી અધુરા આપવામાં આવેલ.

(૧૦) તા.૩૦/૦૧/૨૦૧૯ ની સાધારણ સભાની ગેરકાયદેસર કાર્યવાહી ઉપર તાત્કાલિક મનાઈ હુકમ આપવા તેમજ તમામ કાર્યવાહી ઠરાવો ગેરકાયદેસર હોવાથી રદ કરવા ગુજરાત મ્યુનિસિપલ એકટ -૧૯૬૩ ની કલમ -૨૫૮ હેઠળની ફરીયાદ મહેરબાન પ્રાદેશિક કમિશ્નર સાહેબશ્રી નગરપાલિકાઓ ગાંધીનગરની કોર્ટમાં તા.૧૧/૦૨/૨૦૧૯ના રોજ દાખલ કરેલ, આ બાબતે પ્રાદેશિક કમિશ્નર નગરપાલિકાઓ ગાંધીનગર દ્વારા તારીખ ૧૯/૦૨/૨૦૧૯ ના રોજ લેખિત પત્ર દ્વારા ચીફ ઓફિસર શ્રી પાલનપુર નગરપાલિકા પાસે સ્પષ્ટ અભિપ્રાય સહ વિગત વાર અહેવાલ માગેલ પરંતુ તત્કાલીન મુખ્ય અધિકારી પંકજભાઈ બારોટ દ્વારા કોઈપણ પ્રકારનો અહેવાલ મોકલવામાં આવેલ નથી પંકજભાઈ બારોટ દ્વારા પ્રાદેશિક કમિશ્નરશ્રીનો પત્ર દબાવી રાખવામાં આવેલ હતો આ કેસની સુનાવણી બાબતે અમોએ પ્રાદેશિક કમિશ્નરશ્રીને રજુઆત કરતા તારીખ ૩૦/૦૬/૨૦૨૦ ના રોજ ૧૭ મહિના પછી આ કેસની પ્રથમ સુનાવણી બપોરે ૧૨:૩૦ કલાકે

આભાર - નિહારીકા રવિયા રાખેલ છે

(૧૧) તારીખ ૩૦/૦૧/૨૦૧૯ ની સામાન્ય સભામાં વિકાસ નકશો બતાવ્યા વિના ગેરકાયદેસર રીતે વિકાસ નકશો મંજુર કરેલ ત્યારબાદ ૫૨ (બાવન) દીવસ પછી નગરપાલિકા દ્વારા મુખ્ય નગર નિયોજક ગાંધીનગર ને તારીખ ૨૫/૦૩/૨૦૧૯ ના રોજ પાલનપુર વિકાસ વિસ્તાર સત્તા મંડળ નો વિકાસ નકશો પરામર્શ અર્થે મોકલેલ છે આ વચ્ચેના સમયગાળા દરમિયાન રોજે રોજ નિત નવા નકશાઓ બનાવી પ્રમુખ અશોકભાઈ દ્વારા કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર આચરેલ છે

(૧૨) તારીખ ૦૪/૧૦/૨૦૧૯ ના રોજ અમોએ માહિતી અધિકારી અધિનિયમ -૨૦૦૫ મુજબ વિકાસ નકશા બાબતે શહેરીજનો દ્વારા કરવામાં આવેલ વાંધા અરજીઓની નકલો માગેલ હોવા છતાં નકલો આપવામાં આવેલ નથી .

(૧૩) અમોએ તારીખ ૧૪/૧૦/૨૦૧૯ ના રોજ મુખ્ય અધિકારી , પાલનપુર નગરપાલિકાને પત્ર લખી વિકાસ નકશામાં થયેલ ગેરરીતી બાબતે રજુઆત કરેલ છે. ( વાંધો દર્શાવેલ છે ) જેની નકલ નગર નિયોજકશ્રી પાલનપુરને આપેલ છે.

(૧૪) અમોએ તારીખ ૦૪/૧૦/૧૯ ના રોજ વિકાસ નકશા બાબતે માહિતી માંગેલ તેના અનુસંધાને મુખ્ય અધિકારીશ્રી , પાલનપુર દ્વારા મુખ્ય નગર નિયોજકશ્રી ગાંધીનગર પાસે માર્ગદર્શન માંગેલ છે કે માહિતી આપી શકાય કે કેમ આ માહીતી અમોને હજુ સુધી આપવામા આવેલ નથી.અમોએ કરેલ રજૂઆત તેમજ રજુ કરેલ સાધનિક કાગળો ઉપર થી સ્પષ્ટ દેખાઈ રહ્યું છે કે ભ્રષ્ટાચાર આચરવાના મલિન ઈરાદાથી મીટીંગો સમયસર ન બોલાવી નિત નવા નવા નકશાઓ બતાવી શહેરના નાગરિકોને ગ્રીન બેલ્ટ, ડી.પી રોડ જુદા જુદા ઝોન બતાવી કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર આચરેલ છે . નવીન સૂચિત વિકાસ નકશામાં વ્યાપક પ્રકારની ગેરરીતિઓ કરવામાં આવેલ છે નિયમ વિરુદ્ધ ના ફેરફારો કરવામાં આવેલ છે. જુના વિકાસ નકશામાં હયાત અને ખુલ્લા ડી.પી રોડોમાં ફેરફાર કરી નિયમ વિરુદ્ધનું કૃત્ય કરેલ છે આમ વર્ષો પહેલા બિનખેતી થયેલી જમીનો તેમજ વર્ષો પહેલા બાંધકામો થઈ ગયેલ છે અને નગરપાલિકાએ બાંધકામની મંજૂરીઓ આપેલ છે તે જગ્યાઓ ઉપર ડી.પી રોડ મુકવામાં આવેલ છે પ્રજાને તેમજ સરકારશ્રીને છેતરવામાં આવેલ છે બાંધકામ થઇ ગયેલ છે તેવા રસ્તાઓની પહોળાઈ વધારવામાં આવેલ છે તે ગેરકાયદેસર છે પ્રજાજનોની મંજૂરી લીધેલ હયાત મિલકતોને મોટે પાયે નુકસાન થવાનો ભય છે સૂચિત વિકાસ નકશો ત્રુટીઓ વાળો તેમજ ગેરરીતિઓ વાળો છે પ્રજાજનો દ્વારા આ વિકાસ નકશાની ગેરરીતિઓ બાબતમાં પ્રજાજનો દ્વારા સરકારશ્રીમાં મોટે પાયે રજૂઆતો થયેલ છે આ બધા કારણોને લીધે વિકાસ નકશો ૬(છ) વર્ષે પણ મંજૂર થઇ શકેલ નથી.

આમ પાલનપુર નગરપાલિકાના પ્રમુખ અશોકભાઈ ઠાકોર દ્વારા સત્તાનો દુરુપયોગ કરી તારીખ ૨૬/૦૭/૨૦૧૮ ના રોજ ટી.પી કમિટીમાં વિકાસ નકશા બાબતે ઠરાવ થયેલ હોવા છતાં તેમજ ૧૩/૦૮/૨૦૧૮ ની ખાસ સામાન્ય સભા તેમજ ૨૯/૧૦/૨૦૧૮ ની સામાન્ય સભામાં એજન્ડામાં વિકાસ નકશા બાબતનો ઠરાવ સામેલ ન કરી મસમોટુ કરોડો રૂપિયાનું કૌભાંડ આચરેલ છે સત્તાનો દુરુપયોગ કરેલ છે. આમ આ તમામ હકીકતો ને ધ્યાને લઇ આપ સાહેબશ્રીને અમારી અરજ છે કે પાલનપુર નગરપાલિકાના પ્રમુખ અશોકભાઈ ઠાકોરે પોતાની સત્તા અને હોદ્દાનો દુરુપયોગ કરી ગેરવર્તણૂક કરેલ છે આથી અશોકભાઈ ઠાકોર ને નગરપાલિકાના પ્રમુખ પદેથી તેમજ સભ્ય પદેથી ગેરલાયક ઠરાવી સસ્પેન્ડ કરવા પાલિકા સદસ્ય અમૃત જોષીએ રજૂઆત કરેલ છે.

# શુ આજનો યુવા આત્મનિર્ભર બની શકશે?

અષાઢ સુદ એકાદશી એટલે કે દેવ પોઢી એકાદશી,આ દિવસથી ચાતુર્માસ વ્રતનો પ્રારંભ થાય અને એવું કહેવાય છે કે આ ચાર મહિના માટે ભગવાન પોતે સુઈ જાય છે ને ચાર મહિના પછી એટલે કે કારતક મહિનાની અગિયારસ એ તેની પૂર્ણાહુતિ થાય છે.

જેમ કોઈ વ્યક્તિ આખો દિવસ કામ કરીને થાકેલા પાકેલા ઘરે આવે છે અને તેમને આરામની જરૂર પડે છે એવી જ રીતે આખા વિશ્વનું સર્જન કરનાર અને વિશ્વનું સંચાલન અને પ્રભુને પણ આરામની જરૂર પડે છે.

હવે આપણે વાત કરીશું કે આપણા જીવનમાં ઊંઘનું એટલે કે સૂઈ જવાનું મહત્વ કેટલું હોય છે.ઘણી બધી વખત એવું થાય કે કોઈ વિષયમાં રસ ન હોય અથવા તો કંટાળાજનક વસ્તુ કે ચલચિત્ર જોતી વખતે પણ ઘણા લોકો સૂઈ જાય છે.ઘણી બધી વાર એવું થાય કે વિષયવસ્તુની નવીનતા કે વિષયમાં રહેલા વૈવિધ્યનો અભાવ પણ સુષુપ્તિ નું કારણ બને છે.

જેવી રીતે કોઈ એક ને એક પિક્ચર દિવસમમાં વારેવારે જોઈએ તો આપણે કંટાળી જઈએ છીએ અને આપણે સુઈ જઈએ છીએ તો એવું જ આપણા જીવન સાથે થાય છે.જેમ કે આપણું જીવન એક મૂવી એટલે કે ફિલ્મ જોવું છે જેમાં દરેક વખતે રોજ એક ને ચિત્ર ચાલ્યા કરે છે.જેમ કે સવારે ઉઠવું,દાંત સાફ કરવા, સ્નાન કરવું,ચા નાસ્તો કરવો અને દીવસ દરમિયાન બીજા અન્ય કામ કરી પરવારીને રાતે ફરી સૂઈ જવું.તો આ એક ને એક પિક્ચર આખી જિંદગી ચાલતું રહે એના કરતાં જીવનને વૈવિધ્યપૂર્ણ અને રસયુક્ત બનાવવું જોઈએ.

આવી જ સમાન ઘટના ભગવાન સાથે થાય છે રોજ ઘણા બધા વ્યક્તિઓ તેમની પાસે જાય છે અને માગણની જેમ ભગવાબ પાસે માંગ્યા કરે છે.એક તુચ્છ માણસ આવી બાબતો થી કંટાળી જતો હોય તો ભગવાનને પણ એવું નહી થતું હોય કે આપણે પણ થોડીવાર માટે સુઈ જઈએ???

હા,ભગવાન પાસે કોઈ વસ્તુ માંગવામા કાંઈ ખોટું નથી અને ભગવાન આપણે જે માગીએ છીએ




તે આપે પણ છે પરંતુ ભગવાન આપણા કર્મ મુજબ જ ફળ આપે છે.

પરમપિતા ભગવાનને પણ આનંદ થાય એના માટે આપણા જીવન ની વિશાળતા એવી હોવી જોઈએ કે ×કર્મ કરતી વખતે સજાગ બની ને જાગતું રહેવું અને ફળ મળે અથવા તો ફળ મેળવવાનો સમય હોય ત્યારે અજાણ બની ને સુઈ જવું×આમ કરવાથી ભગવાન પણ ખૂબ રાજી થાય છે.

દેવપોઢી એકાદશી થી દેવઉઠી એકાદશી સુધીના સમયગાળા દરમિયાન આપણે એવી કલ્પના કરીએ છીએ કે આ સમય દરમિયાન ભગવાન સૂઈ ગયા હોય છે હવે પૃથ્વીનું સંચાલન કોણ કરશે? આ સૃષ્ટિ નો વ્યવહાર કોણ ચલાવશે???

પરંતુ એવું નથી આ ઋતુ દરમિયાન પૃથ્વીની પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઊઠે છે અને એવા અસંખ્ય ફેરફાર થાય છે કે જે આપણી પૃથ્વીને નવી સુંદરતા બક્ષે છે.

આ પર્વ નો બીજો હેતુ એવો પણ છે કે જે આપણામાં આત્મવિશ્વાસ નામના ગુણોનું સિંચન કરે છે.જેમ એક પિતા આરામદાયક ઊંઘ ત્યારે જ મેળવી શકે જ્યારે એમને પોતાના સુયોગ્ય સંતાન પર ભરોસો હોય અને એ સંતાનને પોતાના પર આત્મવિશ્વાસ હોય.

એવી જ રીતે આપણે તો પરમ પિતા પ્રભુના સંતાનો છીએ તો આપણે પોતાની જાતને એટલી સુયોગ્ય બનાવીએ કે ભગવાન આપણી કાંઈ પણ ચિંતા કર્યા વગર એટલા વિશ્વાસથી શકે કે મારું સંતાન હંમેશા યોગ્ય કાર્ય કરશે અમે પોતાના આત્મવિશ્વાસ થી પોતાના જીવનને ખરે અંશે આત્મનિર્ભર બનાવશે.

આ વાત પરથી આપણને એવો પણ સંદેશ મળે છે કે આપણે આપણું કામ કરવામાં એટલા વિલુપ્ત અને એટલા મગ્ન થઈ જવું જોઈએ અને ફળની આશા વગર જ કાર્ય કરતા રહેવું જોઈએ.અને હા જ્યારે કામ નું ફળ મળે ત્યારે કોઇ પણ જાતના અહમ વગર ભગવાન નો આભાર માગવો જોઈએ.

×જ્યારે કોઈ વ્યકતિ કોઈ પણ કામ કરતા કરતા લુપ્ત થઈ જાય છે ત્યારે તે તેના પોતાની કૃતિ અને પોતાની જાત ને શ્રેષ્ઠ બનાવે છે×.-કૌશલ એન જાદવ

સૃષ્ટિ એ ખૂબ જ સુંદર છે કારણ કે તેના સર્જક એટલે લઉં ભગવાન એમાં એકરૂપ બની ગયા છે અને ભગવાન નો કણકણમાં વાસ છે. જેવી રીતે વેદ લખનાર ઋષિ-મુનિઓએ વેદોમાં પોતાના નામનો ઉલ્લેખ જ નથી કર્યો એટલે જ તો આ ચારે વેદ ભારતિય સંસ્કૃતિ અને હિંદુ સંસ્કૃતિના પાયા છે.

એવી જ રીતે ભગવદ ગીતામાં યોગેશ્વર શ્રી કૃષ્ણ એ ક્યાંય સહી નથી કરી પરંતુ ભગવાન પરની શ્રધ્ધા અને પોતાના વ્યક્તિત્વ પરનો આત્મવિશ્વાસ જ આ માનવજાતી ને ખરે અંશે આત્મનિર્ભર જીવન જીવવા માટે હજારો વર્ષોથી પ્રેરીત કરે છે.

અને અંતમાં એટલુ જ કહેવું કે આજના દિવસે ભગવાન શયન કારવા જઈ રહ્યા છે તો ભગવાનને એક ચિંતામુક્ત અને આરામદાયક ઊંઘ આપવા માટે આપણે પોતાની જાતને સામર્થ્યવાન,ગુણવાન,ચારિત્ર્યવાન અને આત્મનિર્ભર બનાવીએ કે જેથી ભગવાન પોતે પોતાના સંતાનો પર વિશ્વાસ કરીને શાંત મને સુઈ શકે.

×કામ કરવાની તત્પરતા અને ભગવાન પર રહેલો વિશ્વાસ જ માણસ ને ખરે અંશે આત્મનિર્ભર બનાવે છે.× -કૌશલ એન જાદવ.રાજકોટ શહેર




# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય વિભાગ..
## આયોજક : પ્રદીપ રાવલ....ગ્રુપ સંચાલક : જીજ્ઞા કપુરિયા

ગૃપુ સંચાલક : જીજ્ઞા કપુરિયા
નિર્ણાયક શ્રી : જયશ્રી પટેલ.વંદના વાણી.કિશોર ઠક્કર...સહ નિર્ણાયક શ્રી : આરતી મરચંટ,આરતી રામાણી....સહ સંચાલક શ્રી : પ્રણવ ઝાંખર,મનીષ વોરા....ગ્રાફિક્સ,ડીઝાઇનઃ પ્રણવ ઝાંખર

---

મારો શોખઃ-સાહિત્ય બાળ વિભાગ

"વાંચન કરો, ખૂબ કરો, નહીં ફક્ત વાંચવા ખાતર!
આચરણમાં મૂકી વાંચનને કરીએ ખરાં અર્થમાં સાર્થક!"

હા, વાંચન એ મારો શોખ છે જેણે બીજા ઘણાં શોખને જન્મ આપ્યો. જે વિષયનું પુસ્તક વાંચુ, તે વિષય ખરેખર મને ગમવા લાગે છે. વાંચવામાં એક વાર આવ્યું વૃક્ષારોપણનું મહત્ત્વ, તો મેં સમયાંતરે વૃક્ષો વાવવાની શરૂઆત કરી! નૃત્યની માહિતી વાંચી કે તેથી શરીર તો સુદૃઢ રહે તથા મનને તાજગી પણ મળે, ત્યારથી દરરોજ અડધો કલાક નૃત્ય કરવાનો શોખ કેળવ્યો! હમણાં થોડા દિવસો પહેલાં શતરંજ (ચેસ) પર પુસ્તક વાંચી અને આ બુદ્ધીશાળી રમત શીખવાનું લક્ષ્ય જ સાધી લીધું!

નાની હતી, ત્યારથી અભ્યાસ તો બહુ ગમતો. શાળાના પુસ્તકો દરરોજ વાંચવાની સારી આદત મારામાં મારા માતા-પિતાએ પહેલેથી જ વિકસાવી છે (જેના માટે આજે હું તેમને ખૂબ આભારી છું). બીજી નવલકથા અને વાર્તાના પુસ્તકોમાં મને રસ ન હતો; લગભગ ત્રીજા ધોરણથી મારી માતાને કારણે એ વાંચન પણ ગમવા લાગ્યું!

પહેલા હું માત્ર અંગ્રેજી પુસ્તક વાંચતી હતી, પણ જ્યારે મને સમજ આવી, મેં માતૃભાષામાં લખેલાં પુસ્તકોનું વાંચન પણ શરૂ કર્યું. પરિણામે, આજે મારું પોતાનું ગ્રંથાલય છે ૪૫૦ જેટલા વિધવિધ પુસ્તકોથી સજ્જ; જે મારા ઘરમાં આવનારને વિના-મૂલ્યે વાંચક બનવા પ્રેરે છે!

ખરેખર, જે વ્યક્તિને પુસ્તક-વાંચનનો શોખ હોય છે, તે વ્યક્તિ ક્યારેય એકલી નથી હોતી;
પુસ્તકજ ખરો સાથી બની જાય છે!

ઋજુ અપૂર્વ શાહ– –ધોરણ - ૮–

---

મારો શોખ........બાળવિભાગ

મારો શોખ , મને લેખન,વાંચનનુ બહું જ શોખ. લગભગ બીજા ત્રીજા ધોરણથી મને વાંચનની બહું જ ઝંખના રહેતી. પાંચમાં ધોરણમાં, પાઠ અને કવિતા ઓનાં લેખકનાં નામ વાંચી, મારું પણ નામ હોય એવાં સપનાં જોતી. હું એક સારી લેખિકા, કવિયત્રી બનવા માગું છું. મારી ઇચ્છા છે કે હુ મારા વિચારો થી બધાને અંતર હ્રદય થી મોહીત કરી શકુ.

મને લખવાનું ખુબ ગમે છે. લેખન એ મારા રોમે રોમ ગુંજે છે. લેખન લખતી વખતે ખુબ આનંદ થાય છે એ સારા સારા વિચારો પણ આવે છે. ત્યારે થાય છે કે આ હું લેખક બનવાને કાબીલ છું. પણ ભાષાને અલંકારોથી સજાવવા બહું સહેલું નથી છતાં મારે તો મહેનત કરવી જ છે.

મને ખબર છે, પુરુષાર્થ વિના પ્રારબ્ધ પાંગળું તો પુરુષાર્થ તો કરવો જ પડશે અને કરીશ જ હોમવર્ક પુરુ કરી હું સાહિત્યમાં કુદી પડું છું વાંચન એ મારુ હૈયું છે, લેખન ધબકારા છે લેખનમાં કળા છે કે "જળમાં ચિત્ર દોરી શકે,"લેખનમાં શકિત છે નભને રડતાં, ફુલોને હસતાં કરી દે. સાગર ધૂણતા, ડુગરને ડોલતાં કરી દે. એટલે મને આ કળા ગમી, ★આ મારો શોખ જ નહિ પણ શ્વાસ છે. લેખન એ મારો શોખ નઈ - મારી આત્મા છે.

સંગાર ગાયત્રી રમેશ ભાઈ . ધોરણ ૧૦

---

ન્યૂઝ ઓફ ગાંધીનગર
વિભાગ : બાળ વિભાગ
શીર્ષક : મારો શોખ(તબલા- વાદન)

प्रत्येक व्यक्ति को अपने जीवन में किसी न किसी विशेष कार्य करने में रुचि होनी ही चाहिए जिससे हम हमारे अबद्ध समय में अपने शौक को पूरा कर सके। बचपन से ही मैं घर में स्टील के या प्लास्टिक के डि4बे को तबला समझ कर बजाता रहता। यह देखकर मेरे मामा ने मुझे एक ऐसा वाद्य यंत्र दिया- बाँगो; जो तबला सिखने से पहले बजाया जाता था। यह भेंट मुझे तब मिली जब मैं मात्र चार वर्ष का था। और इसकी ओर मेरा आकर्षण देख मुझे मेरी माँ ने एक संगीत के विद्यालय में भर्ती करवाया। और आज मैं करीब चार वर्ष से तबला बजाना सिख रहा हूँ।

हम सब हमारे शौक बचपन में ही अच्छे से पूर्ण कर सकते हैं नहीं तो ऐसा समय आएगा के हम अपने बचपन को याद करते हुए कहेंगे की वो भी 1या दिन थे जिसमें हम हमारे सारे शौक पूरे कर सकते थे परंतु हम उन्हें पूरा नहीं कर पाए ।

मैं गांधर्व संगीत महाविद्यालय की दोनों परीक्षा में उ8ाम गुणों से उ8ीर्ण हुआ हूँ। हाँ, और पढाई के साथ तबला वादन में भी करियर बनाना चाहता हूँ।

卐संगीत वो भाषा हैं जो पूरी दुनिया समझती हैं।卐

क्रिष्ना जिग्नेश महेता। (Std: 8)

---

વિભાગ :पद्य
શીર્ષકઃ मेरे शौक

गाने के बोल और उसकी धुन ,
मेरे मन को शांत करती है।
गाने के बोल में मग्न होकर नाचना ,
मेरे मन को आनंद से भर देता है।
बस या गाड़ी में विंडो सीट की वह शीतल , ठंडी हवा,
मेरे मन को लुभाती है।
पुरे परिवार के साथ समय व्यतीत करना,
मेरे मन को बहुत ख़ुशी और उल्लास से भर देता है ।
जब कागज और कलम से नाता जुड़ता है ,
तब मेरे मन की सारी बातें उसपर छप जाती है।
नये पोशाक पहनना और उन्हें तस्वीर में कैद करना
मेरे मन को आत्मविश्वास से भर देता है।
मित्रों के साथ पुराने किस्से दोहराना और उनके साथ नयी यादें बनाना ,
मेरे मन को सारी वेदनाओं और तकलीफों से दूर कर देता है।

नामः Neha Parekh उमरः 18शहर :मु6बई

---

ન્યૂઝ ઓફ ગાંધીનગર......બાળ વિભાગ :
હાશ...પરીક્ષા પતી !!

શાળા જીવનનાં પંદર વર્ષોમાં,
વિદ્યાર્થીઓ પર ભણતરનો ભાર.
દરેક ધોરણની સીડી ચડતાં,
વિષયોની છે ભરમાર.
વર્ષમાં આવે પરીક્ષા ચાર,
ભણવા સિવાય ના કરો કોઈ વિચાર.
તહેવારો ના દિવસોમાં પણ નથી ભણવાનો પાર,
પરીક્ષાના છેલ્લાં દિવસે સૌનો એક જ ઉદગાર.
"હાશ, પરીક્ષા પતી !!"

પ્રિયાંશી શાહ " પાખી " ધોરણ -૭

---

વિભાગઃબાળ વિભાગ
શીર્ષકઃ મારો શોખ

રોજિંદા કામકાજના સમયમાંથી સમય કાઢીને આપણે આપણી મનગમતી પ્રવૃત્તિ કરીએ તેને શોખ કહે છે ભરતકામ કરવું, ચિત્રકામ કરવું, નૃત્ય કરવું, પ્રવાસ કરવો, પુસ્તકો વાંચવા, નાટક કે સિનેમા જોવાં વગેરે શોખના વિષયો છે દરેક વ્યક્તિનના પોતાના શોખ હોય છે. ફોટોગ્રાફી એ મારો શોખ છે. મારો ભાઈ બહુ સારો ફોટોગ્રાફર છે. મારા જન્મદિવસે તેમણે મને નાનો કેમેરો ભેટમાં આપ્યો હતો. જેથી હું રાજી થઈ ગયો! મારા જન્મદિવસે મેં ઘણા બધા ફોટા પાડ્યા. એ બધા ફોટા બહુ સારા આવ્યા.ત્યારથી મારો ફોટોગ્રાફીનો શોખ વધતો જ ગયો. ફોટા સારી રીતે પાડી શકાય તે માટે મારો ભાઈ મને સતત માર્ગદર્શન આપે છે.મને રોમાંચક ફોટા પાડવાનું ખૂબ જ ગમે છે. હવે મને ફોટા
પાડતાં સરસ રીતે આવડી ગયું છે.

ફોટોગ્રાફીના શોખને લીધે મને ઘણા ફાયદા થયા છે. હું મારો અભ્યાસ સારી રીતે કરું છું.પરંતુ
રજાના દિવસે હું કોઈ સંમેલન,કોઇના જન્મદિવસે, સત્કારસમારંભ કે કોઇના લગ્નના ફોટા પાડવા જાઉં છું.તેનાથી મને અભ્યાસની સાથે કમાણી પણ થાય છે.લોકો .મને જુદાં જુદાં સ્થળો ઉત્સુકતા રહે છે.

ફોટોગ્રાફી બાળપણથી જ મારા હ્દય ની પાસે છે.જ્યારે મારી પાસે સમય હોય છે ત્યારે હું પશુ-પક્ષીઓના કુદરતી દશ્યોના, મારા ઘરની પાસે આવેલા ઝાડ પરના પક્ષીનો, શેરીમાં રહેતા ગલોડીયાના, જંગલમાં રહેતા પ્રાણીઓના, આભથી આવતા વરસાદના ફોટા પાડવાનું ગમે છે. જોકે અત્યારે તો હું મારા અભ્યાસને જ પૂરેપૂરું મહત્વ આપું છું.

ધાર્મિક ક. ડોડીયા...(Std 10)

---

ન્યૂઝ ઓફ ગાંધીનગર
વિભાગ : બાળ વિભાગ
શીર્ષક : સમય

घडी सभी को एक जैसा ही समय दिखाती है। परंतु अपने समय का सदुपयोग कैसे करना है वो हमे स्वयं तय करना है।

जिस समय पर जो कार्य करना चाहिए वो अगर नहीं करोगे तो वह बिता हुआ समय वापस कभी नहीं आएगा। सूर्य भी हर रोज़ अपने निर्धारित समय पर उगता है और अस्त होता हैं। पूर्णिमा तथा अमावस्या भी निश्चित काल के अनुसार आते है। इस तरह प्रकृति भी समय को मान देती हैं।

हम विध्यार्थीयों को समय एक अच्छी सीख देता है, और वो है गतिमान रहने की। समय निरंतर चलता रहता है वो कभी थकता नहीं, रुकता नहीं। हमें भी कैसी भी परिस्थिति में हमेशा समय का स6मान करते हुए उसके साथ चलना चाहिए। हमारे राष्ट्रिय ध्वजमें जो निले रंगका चक्र है जिसे हम अशोक चक्र कहते है वह भी हमें समय का स6मान करने की सीख देता है। जैसे चक्र यानी पहिया चलता है, वह आगे बढता रहता है। वैसे ही हम भी समय चक्र के साथ चलें तो हम भी आगे बढेंगे और अपने माता-पिता तथा देश का नाम रोशन करेंगे। जो करेगा समय व्यर्थ, समझो उसका जीवन निरर्थ।

धैर्य जिग्नेश महेता।(stdÑ 4)

---

ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય બાળ વિભાગમાં દરેક સ્પર્ધકનું સ્વાગત છે.(વિજેતા પરિણામ)
મારો શોખ
૧)-પધ....નેહા પારેખ
૨))તબલા વાદન*.*क्रिष्ना महेता*
૩)ફોટોગ્રાફી....ધાર્મિક ડોડિયા
૪) વાંચન......ઋજુ અપૂર્વ શાહ
૫)લેખન કાર્ય.....સંગાર ગાયત્રી રમેશભાઈ
બાળ વિભાગ
૧)ઋશીર્ષક હાશ પરીક્ષા પતી....પ્રિયાંશી શાહ
૨)ઋશીર્ષક સમય........ધૈર્ય મહેતા
એડમીના પેનલ
તરફથી વિજેતા મિત્રોને ખૂબ ખૂબ અભિનંદન .




# માનવતા ની મહેક..



પ્રાન્સી પ્રતીકભાઈ ગજ્જર, માતા સ્મિતા પ્રતીક ભાઈ ગજ્જર

જન્મ : ૨૯/૦૩/૨૦૨૦....જન્મ સ્થળ : રાંધેજા સાર્વજનિક હોસ્પિટલ

પ્રાન્સી પ્રતીકભાઈ ગજ્જર નો જન્મ રાંધેજા હોસ્પિટલ માં તા. ૨૯ માર્ચ ના રોજ થયો હતો. જન્મ બાદ તેને તારીખ ૨૩ may ના રોજ ગાંધીનગર સિવિલ ખાતે રસી અપાવી હતી ત્યાર બાદ તેને પગે સોજો આવ્યો હતો સિવિલ ના dr એ તેમને બરફ લાગવાનું કહ્યું હતું છતાં કોઈ ફરક ના પડતા અને બીજા ૩ દિવસ એટલે કે 25- 26- 27 may ના રોજ દિકરી ને તાવ આવતા સિવિલ જતા હતા ત્યાર બાદ સિવિલ ખાતે તેને ૨૮ may ના રોજ સવારે એડમિટ કરી હતી, સારવાર બાદ દિકરી ને તકલીફ વધારે છે તેને પગ માં ઈન્ફેકશન વધુ થઈ ગયું છે તેવું કેતા સાંજે dr વિઝિટ માં તેમને અમદાવાદ સિવિલ ખાતે લઈ જવાનુ કહ્યું હતું, કોરોના મહામારી માં અમદાવાદ સિવિલ માં કેશ વધુ હોવા ના લીધે પરિવાર તેમને ગાંધીનગર ની આસ્કા હોસ્પિટલ ખાતે સાંજે ૬ વાગ્યાં પછી લઈ ગયેલ હતી, ત્યાં કોઈ સીનીઅર ઢ્ઢહાજર ના હતા ટેલિફોન પર વાત કરી દિકરી ને એડમિટ કરી હતી અને ત્યાર બાદ ત્યાં હાજર નર્સ એ એક લીકવીડ પગે લગાવતા વધુ ગરમ હોવા ના લીધે દિકરી ને ફોલ્લો પડી ગયો હતો અને ૫-૭ કલાક હોસ્પિટલ માં રાખવા છતાં કોઈ સીનીઅર dr ના આવતા બીજા દિવસ એ ત્યાં થી રજા લઈ લીધી હતી.

ત્યાર બાદ તેને તા. ૨૯/૦૫/૨૦૨૦ ના રોજ માણસા લઈ ગયેલ હતા, માણસા dr એ તેને પગ માં રશી વધુ થવાના લીધે ઓપેરશન કરવાનું જાણવાયું હતું, બીજા દિવસ એ ૩૦/૦૫/૨૦૨૦ ના રોજ સવારે ૧૧ વાગે દિકરી નું ઓપેરશન કરી તેજ દિવસે તેને ૪ વાગે રજા આપી દીધેલ હતી ને ત્યાર બાદ ૨ દિવસ ગાંધીનગર થી માણસા રોજ ડ્રેસિંગ માટે જવાની ફરજ પડી હતી, ૨ દિવસ ડ્રેસિંગ કાર્ય બાદ માણસા dr એ પણ જણાવ્યું કે રસી વધુ થઇ ગઈ છે અને હાડકા સુધી પહોંચિ છે તો આપ તેને અમદાવાદ હાડકા ના સર્જન જોડે લઈ જાવ,

૧ જૂન ૨૦૨૦ ના રોજ અમદાવાદ પણ dr જોડે જતા તેમને પ્લાસ્ટિક સર્જરી કરવી પડશે અને ઓપરેશન કરવું પડશે કહી ને ૪-૫ લાખ ખર્ચ થશે તેવી વાત કરતા પરિવાર ને પલાસ્ટીક સર્જન પાસે જવાની સલાહ આપી અને ત્યાં પણ ગયા પછી ખર્ચ ખુબ વધુ હોવાથી અને પરિવાર ની આર્થિક પરિસ્થિતિ સારી નઈ હોવાથી તેને ઘરે લાવી દીધી હતી અને જ્યાં સુધી જીવે ત્યાં સુધી સેવા કરીશુ તેવું કહી ને દિકરી ને જીવંત રાખવાની આશા પરિવારે છોડી દીધી હતી.

ત્યાર બાદ પ્રાનસી ના પિતા પ્રતીક ભાઈ એ તેમને મદદ મળી રહે તે માટે તેમના મિત્ર વૈભવ પટેલ ને જાન કરી અને વૈભવ પટેલ એ ગાંધીનગર ના સમાજ સેવક દીપકભાઈ વ્યાસ ને જાન કરતા તેમને ગાંધીનગર કુડાસણ ખાતે આવેલ dr વિવેક વાછાણી સર ના ત્યાં તા. ૦૨/૦૬/૨૦૨૦ ના રોજ લઈ ગયેલ હતા અને ત્યારે દિકરી ની હાલત ખુબ ગંભીર હતી અને ૧૦૪ ડિગ્રી તાવ, હ્દય ના ધબકારા ૧૭૦-૧૮૦ ની વચ્ચે હતા બાદ તેને દાખલ કરી આગળ ની સારવાર ચાલુ કરેલ હતી,

દિકરી ને દાખલ કરી ડ્રેસિંગ કરતા ખબર પડી કે તેને પગ માં થી ખુબ રસી આવતી હતી અને ઢીચણ નો સાંધો સંપૂર્ણ ડેમેજ થયેલ હતો, અને તેની પગ ની ઢાકણી બહાર આવી ગઈ હતી, દરરોજ પગ નું ડ્રેસિંગ કરવું પડતું હતું, ઈન્જેકશન દ્વારા પરુ સુકાય તેના માટેની હાઈ પાવર ની દવા આપવામાં આવતી હતી, દિકરી ને ૨૮/૦૬/૨૦૨૦ એ ૨૬ દિવસ ના લાંબી સારવાર બાદ ઓપેરશન અને પ્લાસ્ટિક સર્જરી કરી રજા આપવામાં આવી,

પ્રાન્સી નો કેશ વાછાણી સાહેબ એ ગણા બધા નિષ્ણાંત હાડકા ના dr, પ્લાસ્ટિક સર્જન, બાળકો ના dr સાથે વાત કરી હતી તેમાં ૨૫ વર્ષ જુના અનુભવી dr એ પણ કહ્યું કે ૨ મહિના ની નાની દિકરી ને પગ માં આટલુ ઈન્ફેકશન અને આવી હાલત આજ સુધી અમે નથી જોઈ ખુબ અલગ કેશ છે અને સિરિયસ પણ છે, છતાં આ ઓપેરશન ને dr,વિવેક વાછાણી સર એ ખુબ સારી રીતે હાથ માં લઈને સોલ્વ કાર્યો છે ઢ્ઢભિગવાન હોય છે એવુ સાંભળ્યું છે પણ આજે જોયું પણ ખરું સાહેબ દ્વારા દિકરી ને ખુબ જ ઓછા પૈસા માં સારવાર કરી તેને જીવના જોખમ માંથી ઉગારિ લીધી હતી વિવેક વાછાણી ની સાથે પ્લાસ્ટિક સર્જન dr,હર્ષવર્ધન પણ ખુબ મહેનત કરી ઓપરેશન ને સફળ કર્યું હતું, પ્લાસ્ટિક સર્જરી વખતે dr નું કેવું હતું કે આવો કેશ એમને પહેલી વાર કાર્યો છે જે ૨ મહિના નું બાળક હોય અને આવી ગંભીર બીમારી થઈ હોય, મિત્રો dr વિવેક વાછાણી અને તેમના સ્ટાફ ની અથાગ મહેનત અને માનવતા ની મહેક ગૃપ ના દરેક મિત્રો ના સહકાર ના લીધે આજે એક દિકરી ને જીવતદાન મળ્યું છે, મિત્રો માનવતા ની મહેક ના ફાઉન્ડર દિપકભાઈ વ્યાસ ના જણાવ્યા અનુસાર ખાલી ૨૩ કલાક માં જ દિકરી ના ઓપેરશન માટે તેમના ગ્રુપ માં ૧, ૮૬, ૫૦૦ ભેગા થઈ ગયા હતા.dr ટીમ .dr વિવેક વાછાણી, ઓર્થોપેડિક સર્જન .dr . હર્ષવર્ધન, પ્લાસ્ટિક સર્જન dr . પ્રમોદ મેનન, પ્લાસ્ટિક સર્જન એનેસથેટિક : અંકુર ચૌધરી ..દિપકકુમાર જી વ્યાસ .ફાઉન્ડર : માનવતા ની મહેક

## વૃદ્ધાને સારવાર માટે લઈ જતી કાર ખાડામાં ખાબકી
# મોડાસાઃ ઋષિકેશ સોસાયટીમાં ખાનગી કેબલ કંપનીએ ખોદેલ ખાડા એટલે મોતના ખાડા

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

મોડાસા શહેરમાં વિકાસના નામે ખાનગી કંપનીઓ અને કોન્ટ્રાક્ટરો આડેધડ ખોદકામ કરી રહ્યા છે અને ખાડા પુરાવામાં આળસ દાખવતાં વાહનચાલકો ખાડામાં ખાબકવાની ઘટનાઓ બની રહી છે જાણે મોડાસા શહેરમાં ખાનગી કંપનીઓ, કોન્ટ્રાક્ટરો પર નાગરપાલિકાનો કોઈ અંકુશ જ ન હોય તેવો નગરજનો અહેસાસ અનુભવી રહ્યા છે મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલી સોસાયટી વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસોથી ખાનગી કંપની કેબલ નાખવાનું કામ કરી રહી છે કોન્ટ્રાક્ટરે ખોદેલ ખાડાઓ ખુલ્લા રાખતા અને કેટલીક જગ્યાએ ખાડાઓમાં માટી નાખી દેવામાં આવતા પ્રજાજનો અને વાહનચાલકોમાં ખાડાઓ કોઈ નિર્દોષ રાહદારીનો ભોગ લે તે પહેલા પુરવામાં આવેની માંગ પ્રબળ બની છે

મોડાસાની હરિઓમ નગર સોસાયટીમાં રહેતા વૃદ્ધા બીમાર થતા મંગળવારે સાંજના સુમારે તેમનો પુત્ર કાર લઈને માતાને સારવાર કરાવવા નીકળ્યા હતા ત્યારે ઋષિકેશ સોસાયટીમાંથી પસાર થતા રોડ નજીક ખોડેલ ખાડામાં કાર ખાબકતાં ભારે અફડાતફડી મચી હતી સોસાયટીના રહીશોએ કારમાં રહેલા વૃદ્ધાને ભારે જહેમત બાદ બહાર કાઢ્યા હતા ખાડામાં ખાબકેલી કાર પડતી મૂકી અન્ય વાહન મારફતે સારવાર અર્થે દવાખાને લઈ જવાની નોબત આવી હતી રહેણાંક સોસયટીઓમા આડેધડ ખોદેલા ખાડાઓથી લોકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે કાર ખાડામાં ખાબકતા કારને ભારે નુકશાન પહોંચ્યું હતું મોડાસા શહેરના માલપુર રોડ પર છેલ્લા કેટલાક સમયથી ખાનગી કેબલ કંપની કેબલ નાખવાનું કામ કરી રહી છે શહેરીજનોને હાલાકી પડી રહી હોવાની ફરિયાદો ઉઠી છે. ખાનગી કંપનીના કેબલ નાખતી કંપનીના કોન્ટ્રાક્ટરો ઠેર ઠેર ખાડા તો કરે છે પણ આ ખાડા પૂર્યા બાદ તેના પર સમારકામ પૂર્ણ કરવાનું કામકાજ અધૂરું છોડી દેવામાં આવ્યું હોય તેમ ઠેર ઠેર ખાડા જોવા મળી રહ્યા છે રોડને અડીને ખોદાયેલા ખાડા વાહનચાલકો અને રાહદારીઓ માટે આફતના ખાડા બની રહ્યા છે ચોમાસાની શરૂઆત થઇ ગઈ છે ત્યારે આ ખાડાઓમાં વાહનચાલકો ખાબકી રહ્યા છે નગરજનોને કોને ફરિયાદ કરવી એ પણ ખબર પડતી નથી કેટલીક જગ્યાએ તો આર.સી.સી રોડ પણ ખાનગી કેબલ કંપનીના કોન્ટ્રાક્ટરે તોડી નાખ્યા છે ત્યારે નગરપાલિકા તંત્રે કેબલ નાખતી ખાનગી કંપનીને તાત્કાલિક નોટિસ ફટકારી ખાડા પુરાવા તાકીદ કરે તેવી લોક માંગ પ્રબળ બની છે

# પબુભા માણેકને કોર્ટ સુધી ઢસડી જનાર પૂર્વવિધાયક મેરામણ ગોરૈયાનો પોઝિટિવ કોરોના ટેસ્ટ

ગત સપ્તાહે જ જામનગર જીલ્લાના જામજોધપુર વિધાનસભા બેઠકના કોંગ્રેસના ધારાસભ્ય ચિરાગ કાલરીયાનો કોરોના ટેસ્ટ પોઝિટીવ આવ્યા બાદ દેવભૂમિ દ્વારકા જીલ્લાના ખંભાળિયાના કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય મેરામણભાઈ ગોરિયાનો રીપોર્ટ પોજીટીવ આવતા હાલમાં તેઓને સુરતની હોસ્પીટલમાં સારવાર આપવામાં આવી રહી છે.

ખંભાળિયા વિધાનસભાના પૂર્વ ધારાસભ્ય મેરામણ ગોરિયા હાલ સુરતમાં પોતાના નિવાસ્થાને છે. ગઈ કાલે તેઓની તબિયત નાંદુરસ્ત હોવાથી હોસ્પીટલમાં સારવાર લીધી હતી. જયાં તબીબોએ કોરોના ટેસ્ટ કરાવવાની સલાહ આપતા મેરામણ ગોરિયાએ કોરોનાનો ટેસ્ટ કરાવ્યો હતો જેમાં રીપોર્ટ પોઝિટીવ આવ્યો હતો. જેને લઈને ગોરિયાને હાલ સુરતની કિરણ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

# બાંટવામાંસંત અમરમા ટીફીન સેવા દ્વારા એક ગરીબ દિકરીને ૪૨૦૦૦ હજારનો કરીયાવર આપ્યો

(જીજ્ઞેશ પટેલ દ્વારા )

બાંટવા માં સંત અમરમા ટીફીન સેવા પરિવાર બાંટવા દ્વારા આજરોજ દલીત સમાજ ના ચનાભાઇ ચૌહાણ કે જેને ફેફસાનું કેન્સર હોય અને ઉર્મિલાબેન કે જે નાની મોટી મંજુરી કરી જેમ તેમ તેનુ ગુજરાન ચલાવી રહ્યા છે તેને એકજ સંતાન હોય એકની એક લાડકવાયી દીકરી ના લગ્ન હોવાથી સેવા પરિવાર નાં



કીરીટભાઇ બારોટને વાત કરતા સંત અમરમા સેવા પરિવાર દ્વારા બાંટવાની દલિત દીકરી નાં લગ્નમાં બેતાલીસ હજાર ના દાગીના જેવાકે સોનાનાં પાટલા, ચાંદીના સાકરા, સોનાનો દાણો તથા દિકરી સોનલબેનની મનપસંદ કટલેરી આપેલ છે આ સંસ્થા દ્વારા ઘણી દિકરીઓ ના લગ્નમાં યથાશક્તિ કરિયાવર આપી જરુરીયાતો ને સહાય પુરી પાડવામાં આવેલ છે

તસ્વીર - જયદીપ બરવાડીયા

અહેવાલ - જીજ્ઞેશ પટેલ માણાવદર

# કપરાડા તાલુકાના ઇ.ચાર્જ અને પૂર્વ શિક્ષણ અધિકારીઅને શિક્ષક સંઘના હોદેદારો સામે કાયદેસર ની કાર્યવાહી ક્યારે

સતિષ પટેલ
બ્યુરો ચીફ વલસાડ

વલસાડ જિલ્લાના કપરાડા તાલુકા પંચાયતની શિક્ષણ શાખામાં તાલુકાના શિક્ષણ વિભાગની ટિમ દ્વારા સોશ્યલ ડિસ્ટન્સનો અભાવ અને માસ્ક વગર ના ફોટા શિક્ષકોની ટિમ દ્વારા ફોટાપાડી તા.૨૬/૦૬/૨૦૨૦ ના રોજ વાયરલ કરવામાં અવિયા હતા કાયદો ગરીબોને માટે છે.સમગ્ર દેશમાં ગુજરાત રાજયમાં કોરોના ની મહામારીના કાયદા ના ભોગ સામાન્ય માણસ ભોગ બન્યા છે. હાલમાં કોરોના હાહાકાર મચાવ્યો છે.સરકાર દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવે છે ત્યારે જેનો અમલ દરેક વ્યક્તિ માટે એક જ હોઈ છે.રસ્તા પોલીસ માસ્ક વગર રોડ ૨૦૦ રૂપિયા દંડ વસુલાત કરી રહ્યા છે. ત્યારે આ મહાશયો સરકારી ઓફિસમાં પહોંચી ફોટા પાડી ગ્રુપમાં નાખવામાં આવે એ યોગ્ય કહેવાય ? શરમની વાત એ છે કે શિક્ષણ એ દેશમાં મુખ્ય પાયો છે દરેક સમાજ માટે દેશ માટે શિક્ષણનો મુખ્ય આધાર છે.એવા સમયે જવાબદાર વ્યક્તિઓ એવા વ્યક્તિ ઓ કાયદા ભૂલી જાય છે તો આજે અભણ અજ્ઞાન લોકોની શું પરિસ્થિતિ હોય.

ખાશ તપાસ નો વિષય છે તાલુકા વિકાસ અધિકારીની રહેમ નજર તાલુકા પંચાયતની શિક્ષણ વિભાગની કચેરીમાં સંઘના હોદેદારો અને પૂર્વ તાલુકાના શિક્ષણ અધિકારી ઈન્ચાર્જ પ્રકાશ પટેલ હાલમાં ઈન્ચાર્જ ધનશુખભાઈ પટેલ ની ટીમ દ્વારા જે ફોટો વાયરલ કરી વિવિધ ફેસબુક વોટ્સએપ ગ્રુપમાં વાઈરલ ફોટો કરવામાં અવિયા હતા સ્થાનિક કે જિલ્લા કક્ષાએ કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં કેમ નથી આવી

વલસાડ જિલ્લાના કલેક્ટર દ્વારા કરવામાં આવેલ જાહેરનામા ભંગ જેની યોગ્ય તપાસ હાથ ધરવામાં આવે જરૂરી શિક્ષાત્મક પગલાં લેવામાં આવે એ જરૂરી છે


# સાવરકુંડલામાં હિન્દુ યુવા સંગઠન દ્વારા મામલતદારને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું



ગત માસમાં રાત્રિના સમયે ગોંડલ ગામ માં રખડતા ભટકતા ગૌ વંશ ની ચોરી કરી વાહન ભરી કતલખાને લઈ જવાની પેરવી કરી રહ્યા હોય તેની જાણ ગોંડલના ગૌરક્ષકો ને થતા ગૌરક્ષકો દ્વારા તે વાહન નો પીછો કરી બચાવવા પ્રયત્ન કરતા તે સમયે તસ્કરો દ્વારા ગૌરક્ષકો પર તે ધંધા સાથે સંકળાયેલા લોકો દ્વારા મળીને ધોકા પાઈપ અને તલવાર જેવા ઘાતક હથિયારો દ્વારા ગૌરક્ષક ઉપર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો તેના વિરોધમાં સાવરકુંડલા હિન્દુ યુવા સંગઠન દ્વારા મામલતદાર ને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું.

બ્યુરો અમરેલી:યોગેશ ઉનડકટ .સાવરકુંડલા

## શ્રીસ્થળ ઔદીચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ સેવા સંગઠન દ્વારા
# સમાજના વિદ્યાર્થીઓને નોટબુક અને ચોપડા વિતરણ શરૂ કરવામાં આવ્યું



ધ્રુવ દવે.સિદ્ધપુર

સતત સેવાકીય પ્રવૃતિઓ સાથે સંકળાયેલ શ્રીસ્થળ ઔ.સ.બ્રાહ્મણ સેવા સંગઠન દ્વારા સમાજના વિદ્યાર્થીઓને ભણતરના સહાયક થવા રજિસ્ટ્રેશન કરી, ૧ થી ૪ ધોરણના વિદ્યાર્થીઓને વિદ્યાર્થીદીઠ૧૦ નોટબુક, પેન્સિલ રબર ફૂટપટ્ટી કીટ તથા ૫ થી ઉપરના ધોરણના વિદ્યાર્થીઓને વિદ્યાર્થીદીઠ ૧૦ ચોપડા વિતરણ કરવામાં આવ્યા. આશરે ૬૦૦૦ ચોપડા અને ૧૭૦૦ નોટબુક ૧૨૦ કીટ વિતરણ કરવામાં આવી તથા એ સાથે કપડાની થેલીમાં પેક કરી વિદ્યાર્થીઓને વિતરણ કરવામાં આવ્યું જેથી વિદ્યાર્થીઓને અગવડ ના પડે.

નોટબુક ચોપડા વિમોચન અગાઉ પ્રોજેકટમાં સહયોગી એવા હરેશભાઈ શુક્લ તથા સંગઠનના મુરબ્બી અરુણભાઈ પાધ્યા, મુકેશભાઈ શાસ્ત્રી, હિતેશભાઈ ઠાકર, પરેશભાઈ ઠાકર, અરુણભાઈ જાની, ભાલચંદ્રભાઈ પાધ્યા, ગૌરવભાઈ પંડ્યાની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું.

આ પ્રોજેકટમાં ગોપાલભાઈ પાધ્યા, પ્રજ્ઞેશભાઈ પાધ્યા, સંજયભાઈ ભટ્ટ, કપિલભાઈ શુક્લ રાકેશભાઈ પાધ્યા, મહેશભાઈ ફોટોગ્રાફર, અનંતભાઈ શુક્લ,કંદર્પભાઈ ઠાકર, મનીષભાઈ પાધ્યા,ધ્રુવભાઈ ઠાકર, નંદલાલ વ્યાસ, વિનુભાઈ ઠાકર ધાર્મિકભાઈ પાધ્યા તથા અર્પણભાઈ ઠાકર તથા સભ્યો સહયોગી થયા હતા એવું નોટબુક ચોપડા કન્વીનર ચિરાગભાઈ પાધ્યા એ જણાવ્યું હતું.

# સિદ્ધપુરનાં પવિત્ર સ્થળોની માટી અને જળ અયોધ્યમાં રામજન્મભૂમિ પૂજન માટે મોકલાયા



ધ્રુવ દવે સિદ્ધપુર

અયોધ્યા સ્થિત રામજન્મ ભૂમિ માં આકાર પામનાર ભવ્યાતિભવ્ય મંદિર નિર્માણવાળી ભૂમિ ના પૂજનમાટે સમગ્ર દેશનાં ઐતિહાસિક અને ધાર્મિક સ્થળોમાંથી એકત્ર કરવામાં આવી રહી છે.આ અ?તર્ગત સિદ્ધપુર વિશ્વ હિન્દુ પરિષદ,આર.એસ.એસ. ધર્મ જાગરણ મંચ,ઉત્તર ગુજરાત માતૃશક્તિ સંગઠન નાં હોદ્દેદારો એકત્ર થઈ આ ભગીરથ કાર્ય કર્યુ હતુ.કંદર્પ ઋષિની તપોભૂમિ અને કપિલમૂનિની જન્મ ભૂમિ એવા પવિત્ર બિન્દુ સરોવર તિર્થમાંથી તેમજ પ્રસિધ્ધ રાવત સમાજનાં સ્થાનકની પવિત્ર માટી અને જળ અલગ અલગ માટીનાં કુંભમાં ભરવામાં આવ્યુ હતુ.સિદ્ધપુરનાં આ પવિત્ર સ્થળોએથી આ પવિત્ર માટી અને જળની શાસ્ત્રોગત વિધીવિધાન સાથે પૂજાવિધી સંપન્ન કરી ભરાયેલ આ પવિત્ર ભૂમિની માટી અને જળ ને અમદાવાદ ખાતેથી રેલ્વે મારફતે રામલલ્લા જન્મભૂમિ અયોધ્યા ખાતે મોકલવામા આવશે તેવુ જાણવા મળેલ છે.આ પ્રસંગે હિન્દુ સંગઠનો નાં આગેવાનો રાજેશભાઈ પટેલ, નિતિનભાઈ વ્યાસ, આશિષભાઈ મોદી, ગોપાલભાઈ રાયચંદાણી, સુરેશભાઇ નાઇ,સુનિલભાઈ પુરોહિત સહિતના લોકો હાજર રહ્યા હતા.

# પારડીના ચીવલ ગામે ગાય ભરીને જતો ટેમ્પો સળગાવી મુકવામાં આવ્યો

સતિષ પટેલ બ્યુરો ચીફ વલસાડ

વહેલી સવારે નાનાપોઢા થી પારડી તરફ ત્રણ ગાય ભરીને જઈ રહેલો છોટા હાથી ટેમ્પો ચીવલ મુખ્ય રસ્તા પર ટેમ્પો સળગાવી દેવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.વહેલી સવારની ઘટના હોય બનાવની જાણ પોલીસ મળતા જિલ્લાના પોલીસ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. ફાયરબ્રિગેડ દ્વારા આગ હોલવવામાં આવી હતી.કતલખાને ગાયો લઈ જવાની બાતમીના આધારે મોડી રાત્રે થી રોડ પર લોકો ફરતા હોવાનું જાણવા મળે છે.

ત્રણ ગાયો સલામત રીતે ઉતારી દેવામાં આવી છે. ગાયો ને પાંજરાપોળ મુકવા માટે ની વ્યવસ્થા કરવામાં આવી છે.પારડી પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

# ડુઘરવાડામાં ત્રણ દિવસમાં ૫ લોકો,૧૦ પશુઓને બચકાં ભરી આતંક મચાવનારા બે કપિરાજ આખરે પાંજરે પુરાયા



અરવલ્લી બ્યુરો મોડાસા

મોડાસા તાલુકાના ડુઘરવાડા ગામમાં છેલ્લા કેટલાક દિવસોથી વાનર ટોળકીએ ભારે ઉત્પાત મચાવતાં ગામમાં આતંક મચાવી દીધો હતો આ ટોળકીમાં રહેલ બે વાનરોને હડકવાની અસર થઇ હોય તેમ બે દિવસમાં ૫ લોકોને અને ૧૦ થી વધુ પશુઓને બચકા ભરતા અને ગામમાં અડિંગો જમાવનાર વાનર ટોળકી જતા આવતા લોકો ઉપર હુમલા કરતી હોવાથી અને તેમને પાડી દેતી હતી જેના કારણે કેટલાક લોકોને નાની મોટી ઈજા થઇ હતી.કપિરાજનો આતંક વધી જતા ફોરેસ્ટ વિભાગને જાણ કરવામાં આવી હતી.વનવિભાગ ટીમે અને દયા ફાઉન્ડેશનની મદદથી બંને કપિરાજને ઝડપી પાડવા ગામમાં પાંજરા મુકતા હુમલાખોર વાંદરા તેમાં કેદ થઈ જતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો

મોડાસા તાલુકાના ડુઘરવાડા ગામે કપીરાજોએ આતંક મચાવ્યો હતો.કપીરાજે છેલ્લા ત્રણ દિવસમાં ૫ વ્યક્તિઓને બચકા ભરીને ઘાયલ કર્યો હતા.જેના કારણે ગામમાં ભયનો માહોલ છવાયો હતો.અંતે કપીરાજને વનવિભાગ દ્વારા રેસક્યુ કરીને પાંજરે પુરવામાં આવ્યો હતો. ડુઘરવાડા ગામમાં મુખ્યરસ્તાઓ ઉપર પસાર થતા ગ્રામજનોને બે જેટલા વિફરેલો વાનર બચકા ભરતો હતો.જેથી ગ્રામજનોએ આ બનાવ અંગે મોડાસા વન વિભાગને જાણ કરી હતી.આથી વનવિભાગે ગામમાં પાંજરુ મુકવામાં આવ્યુ હતુ.બે દિવસની મહેનત બાદ આજરોજ બે કપીરાજ પાંજરે પુરવામાં સફળતા મળી હતી આ અંગે વનવિભાગના અધિકારીઓએ જણાવ્યુ હતુ કે આ કપિરાજને અરવલ્લીના જંગલોમાં છોડી મુકવામાં આવશે.પાંજરે પુરોયેલા કપીરાજને જોવા માટે ગ્રામજનોના ટોળે ટોળા ઉમટી પડયા હતા.જયારે કપીરાજ પાંજરે પુરાયો તેવા સમાચાર આસપાસના વિસ્તારમાં પ્રસરતા ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો હતો.




આજરોજ આમ આદમી પાર્ટી સાબરકાંઠા જીલ્લા દ્વારા પેટ્રોલ અને ડીઝલના સતત વધતા ભાવ વધારા નું વિરોધ પ્રદર્શન કરી ખેડબ્રહ્મા પ્રાન્ત અધિકારી સાહેબ શ્રી ને આવેદનપત્ર આપ્યું જેમાં જીલ્લા પ્રમુખ શ્રી કરસનભાઈ પટેલ, જીલ્લા ઉપપ્રમુખ શ્રી વિઠ્ઠલભાઈ વણકર, જીલ્લા મહામંત્રી શ્રી ફારુખભાઈ ખણુસિયા,

ખેડબ્રહ્મા તાલુકા પ્રમુખ શ્રી શિરીષ ત્રિવેદી, ખેડબ્રહ્મા શહેર પ્રમુખ શ્રી નિકુંજ જોષી, તાલુકા મહામંત્રી શ્રી સુરેશ રાઠોડ, શહેર મંત્રી શ્રી હીરેન પંડ્યા, ધર્મેન્દ્ર ત્રિવેદી, ભરતભાઈ જોષી , પેઈન્ટર જીવાભાઈ, જગદીશ પરમાર વગેરે કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

(કમલેશ રાવલ ખેડબ્રહ્મા દ્વારા )

# રોટરી કલબ પાલનપુર સીટી એ ૧૧૦૦ વૃક્ષ વાવવા નું નક્કી કરેલ




બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

આજ રોજ રોટટી કલબ ૩૦૫૪ કે જેમો રાજસ્થાન અને ગુજરાત ની ૧૩૦ કલબો આવે છે.રોટરી કલબ નું નવું વર્ષ ૧લી જુલાઈ થી શરૂ થતું હોવાથી પહેલાં જ દિવસે ૧૫૧૦૦૦ વૃક્ષો વાવવા નું લક્ષ નક્કી કરેલ હોવાથી રોટરી કલબ પાલનપુર સીટી એ ૧૧૦૦ વૃક્ષ વાવવા નું નક્કી કરેલ. જે જુદી જુદી આઠ સંસ્થાઓ જેવીકે રામપુરા પ્રાર્થમિક શાળા,લોકનિકેતન રતનપુર, સનડિલ એગ્રો ભરોડ,સેન્ટપોલ સ્કૂલ,રાજીબા કન્યા વિદ્યાલય, ગજાનંદ મોટર્સ,એસઆરપી કેમ્પ મડાણા, બી શારદા ફાર્માકેમ લી. ડાગિયા મુકામે રાખવા માં આવેલ.

જેમાં દરેક સંસ્થા ના આગેવાનો જેવા જે એસઆરપી કમાન્ડન્ટ શ્રી અમિત વસાવા, એસઆરપી ડીવાય એસપી શ્રી ચૌધરી સાહેબ,ધારાસભ્ય શ્રી મહેશ પટેલ તથા સેન્ટપોલ સ્કૂલ ના પ્રિન્સિપાલ શ્રી ,આગેવાનો શ્રી હજાર રહી પ્રયાવરણ માટે જાગૃત થઈ વધુ ને વધુ વૃક્ષો વાવીએ, તેવું આહવાન કરેલ. પ્રવર્તમાન સંજોગો માં કોવિડ૧૯ નું નિયમો નું પણ વિશેષ ધ્યાન રાખી કાર્યક્રમ સફળ બનાવવા નવા વરાયેલ પ્રમુખ શ્રી યશવંત બચાણી,પ્રોજેક્ટ ચેરમેન સ્વેતાબેન વ્યાસ,જયપ્રકાશ મહેશ્વરી, ડો.ધન્વંત મિસ્ત્રી, શ્રી હસમુખભાઈ મેહતા,ડો.જયેશ બાવીસી, મહેશ શાહ ,ગિરીશ મહેશ્વરી, વગેરે સારા ધ્યેય, ખંત થી મહેનત કરેલ

## દુઃખદ અવસાન



મારા ધર્મપત્ની **પ્રતિમાબેન (મીનાબેન) દવે** તા.૨૨-૦૬-૨૦૨૦ સોમવારના રોજ શિવલોક પામેલ છે. **વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સદ્ગતનું બેસણું તથા લૌકિક ક્રિયા રાખેલ નથી.**

**સ્થળ : ૧૮-શૈવાલી સોસાયટી, વેજલપુર રોડ, જીવરાજ પાર્ક, અમદાવાદ-૫૧ મો. ૯૮૨૫૭૦૭૩૪૫, ૯૮૯૮૩૭૪૬૨૧**

**જયેન્દ્ર બાલકૃષ્ણ દવે**
**મિતેષ જે. દવે (પુત્ર)** — **મેધા એમ. દવે (પુત્રવધુ)**
**કલ્પેશ પી. સોલંકી (જમાઈ)** — **રોશની કે. સોલંકી (પુત્રી)**
**ધનીશ એમ. દવે (પૌત્ર)**

# કડી વાલમ બ્રાહ્મણ યુવા સેના દ્વારા દર રવિવારે ક્વિઝ સ્પર્ધા યોજાશે

કડી તા.૧/૭/૨૦.

કડી વાલમ દર રવિવારે વાલમ બ્રાહ્મણ યુવા સેના દ્વારા એક ઓનલાઈન ક્વિઝ સ્પર્ધા નું આયોજન કરવામાં આવે છે અને સાથે જે પણ સ્પર્ધક ને ૭૦% કે ઉપર માર્ક્સ આવે છે તેમને એક ડિજિટલ સર્ટીફીકેટ પણ આપવામાં આવે છે અને દર રવિવારે અલગ અલગ વિષયો ઉપર ક્વિઝ નું આયોજન કરવામાં આવે છે.આ રવિવાર ને તારીખ ૦૫/૦૭/૨૦૨૦ ના રોજ સ્પેશિયલ રાજ્યવ્યવસ્થા વિષય ઉપર જ ક્વિઝ રહેશે . જેમાં ૫૦ પ્રશ્નો પૂછવામાં આવશે તે બધા જ પ્રશ્નો રાજયવ્યવસ્થા વિષય ને લગતા જ હશે તેનું સૌ મિત્રો એ ધ્યાન રાખવું અને હવે થી દર રવિવારે કોઈ એક સ્પેશિયલ વિષય ઉપર જ ક્વિઝ નું આયોજન કરવામાં આવશે તેની નોંધ લેવા વિનંતી..ગ્રુપ માં જોડાવા માટે સંપર્ક કરો :તુષાર મહેતા : 7698919607..Team KVBS JOB PORTAL એક ઓનલાઈન ક્વિઝ સ્પર્ધા નું આયોજન કરવામાં આવે છે અને સાથે જે પણ સ્પર્ધક ને ૭૦% કે ઉપર માર્ક્સ આવે છે તેમને એક ડિજિટલ સર્ટીફીકેટ પણ આપવામાં આવે છે અને દર રવિવારે અલગ અલગ વિષયો ઉપર ક્વિઝ નું આયોજન કરવામાં આવે છે.

## સાવરકુંડલા ભાજપ અગ્રણી અને સમજુબા જેમ્સના સુરેશભાઈ પાનસૂરિયાએ
# ૨૫૦૦ ફેશ શિલ્ડ માસ નું વિતરણ કરી ને કરી જન્મ દિવસ ની અનોખી ઉજવણી



અમરેલી ના સાવરકુંડલા મા ભાજપ અગ્રણી સુરેશભાઈ પાનસુરીયા ના જન્મદિવસ નિમિતે શહેર મા સિલ્ડ માકસ નુ વીતરણ કરી લોકો ને જાગ્રુત કર્યા .હાલ સમગ્ર વિશ્વમાં કોરોના વાઈરસ નો કાળો કહેર છે અને વાઈરસ નુ સંક્રમણ સમગ્ર દેશ મા વધી રહ્યું છે ત્યારે કોરોના વાઈરસ ને ફેલાતો અટકાવવા અને આ વાઈરસ થી બચવા ભાજપ અગ્રણી સુરેશભાઈ પાનસુરીયા દ્વારા સિલડ માકસ નુ વીતરણ કરવામાં આવ્યું આ કાર્ય મા અમરેલી ના સાંસદ. નારણભાઈ કાછડીયા. ડો.ભરતભાઈ કાનાબાર . પુર્વ કુષી મંત્રી વી.વી.વઘાસીયા . ભાજપ અગ્રણી.સુરેશભાઈ પાનસુરીયા ,જયસુખભાઈ નાકરાણી ,.હેમાંગ ભાઈ ગઢિયા,ઘનશ્યામ ભાઈ ડોબરીયા અરવિંદભાઈ મેવાડા. મયુરભાઈ ઠાકર. એ.બી.યાદવ પ્રતીકભાઈ નાકરાણી,હસુભાઈ ચાવડા, ઘનશ્યામભાઈ ડોબરીયા, ગૌતમ સાવજ,નીરજ,ત્રિવેદી,જગદીશભાઈ ઠાકોર ધર્મેન્દ્રભાઈ ચૌહાણ ,લઘુમતી સેલ ના મહામંત્રી રજાકભાઈ ભટ્ટી. સલીમભાઈ ઘાનાણી . અને સમગ્ર કાર્યકરો જોડાયા હતા.

બ્યુરો અમરેલી:યોગેશ ઉનડકટ .સાવરકુંડલા .

## પુરવઠા વિભાગની પહેલ: નિયત્રિંત વિસ્તારના ગામોમાં રાશન હોમ ડિલીવરી કરાઈ
# અરવલ્લીના વાદી-મદારી અને ગરીબોના ઘર-ઘર સુધી પંહોચ્યું રાશન



દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા આગામી નવેમ્બર માસ સુધી રેશનકાર્ડ ધારકોને વિનામૂલ્યે રાશન આપવાની જાહેરાત કરવામાં આવી છે જેનાથી દેશભરના ૮૦ કરોડથી વધુ લોકોને લાભ થવાનો છે.

દેશમાં કોરોના વાયરસની અસરને લઇ સમગ્ર દેશના કાર્ડધારકોને મફત અનાજ વિતરણ સતત ત્રણ માસથી થઇ રહ્યુ છે. જેમાં કોરોના અસરગ્રસ્ત ગામોમાં જઇ લોકોને ઘર આંગણે રાશન મળી રહે તેવી વ્યવસ્થા તંત્ર દ્વારા ઉભી કરાઇ છે. જેમાં અરવલ્લીના ૫૦થી વધુ ગામના લોકોને ઘર આંગણે રાશન પુરૂ પાડવામાં આવી રહ્યુ છે.

અરવલ્લી જિલ્લામાં કોરોનાનો આંક ૨૦૦ ને પાર પંહોચતા જિલ્લાના શહેરી અને ગ્રામ્ય મળી અત્યાર સુધી ૧૬૦થી વધુ કન્ટેન્ટમેન્ટ ઝોન જાહેર કરવામાં આવ્યા છે. હાલ ૫૦થી વધુ ગામોને કન્ટેન્ટમેન્ટ ઝોનમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા છે, આ નિયત્રિંત વિસ્તારમાં સંક્રમણના વધે તેના ચુસ્ત અમલ માટે ગામલોકોના અવર-જવર પર પ્રતિબંધ સહિત હોમ ડિલીવરી સર્વિસ સુનિશ્ચિત કરાઇ છે.

જેમાં અરવલ્લી જિલ્લા કલેકટર શ્રી અમૃતેશ ઔરંગાબાદકરની માર્ગદર્શનથી નિયત્રિંત વિસ્તારમાં માત્ર ખાનગી દુકાનધારકો જ નહિ ખુદ સરકારીતંત્ર પણ હોમ ડિલીવરી સર્વિસ શરૂ કરી લોકોની મુશ્કેલીમાં ઘટાડો કર્યો છે. જેમાં મેઘરજના અતિપછાત વાદી-મદારી કે ગરીબ લાભાર્થીઓને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત વિનામૂલ્યે અનાજ વિતરણનો લાભ મળી રહ્યો છે. જેમાં બાયડ તાલુકાના ૭ ગામો, ભિલોડાના ૧૧, ધનસુરાના ૧૨, મેઘરજના ૮ ૮ મોડાસાના ૧૪ અને માલપુરના એક ગામમાં સસ્તા અનાજની દુકાન દ્વારા લોકોના ઘરે ઘરે જઈને પુરવઠા વિભાગ દ્વારા કાર્ડધારકોને અનાજ પહોંચાડવાની વ્યવસ્થા ઉભી કરાઇ છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK